પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૫, અંક:૧૦૪, કુલ પાના:૪, તારીખ: ૨૪-૧૨-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 104 PRICE :-RS. 1.50 DATE : 24-12-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## તમિલનાડુમાં ઓમિક્રોન બ્લાસ્ટ : ૨૪ કલાકમાં ૩૩ નવા કેસ નોંધાયા, દેશમાં કુલ ૨૮૭ કેસ




ચેન્નાઈ,

તમિનાડુમાં એક જ દિવસમાં ઓમિક્રોનના ૩૩ નવા કેસ નોંધાયા છે. અહીં ઓમિક્રોનના કુલ ૩૪ કેસ થયા છે. રાજયના સ્વાસ્થ્ય મંત્રી મા સુબ્રમણ્યમે આ અંગે જાણકારી આપતા કહ્યું હતું કે ચેન્નઈમાં ૨૬, મદુરેમાં ૪, તિરિવનમલાઈમાં ૨ અને સલેમમાં ૧ કેસ નોંધાયો છે. દેશમાં અત્યાર સુધીમાં ઓમિક્રોનના કુલ ૨૮૭ કેસ થયા છે.

પશ્ચિમ બંગાળની નદિયામાં એક સ્કૂલના એકસાથે ૨૯ બાળકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કલ્યાણી વિસ્તારમાં આવેલી નવોદય કેન્દ્રીય વિદ્યાલયમાં બાકીના વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો કોરોના રિપોર્ટ કરવામાં આવી રહ્યો છે. સંક્રમિતોની સંખ્યામાં વધારો થઈ શકે છે. સંક્રમિત તમામ બાળકોને ક્વોરન્ટિન કરી દેવાયા છે. ડોક્ટરોની એક ટીમની દેખરેખ હેઠળ તમામની સારવાર કરવામાં આવી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કોરોનાને લઈને ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક બોલાવી હતી. જેમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ અને અન્ય વિભાગોના અધિકારીઓ પણ હાજર રહ્યાં હતાં. આ દરમિયાન ઓમિક્રોનના વધતા કેસ પર કાબૂ કેવી રીતે મેળવવો તેના પર ચર્ચા થઈ હતી.નોંધનીય છે કે ઓમિક્રોનની એન્ટ્રી હવે ઉત્તરાખંડ અને હરિયાણામાં પણ થઈ ગઈ છે. સમગ્ર દેશમાં ઓમિક્રોનના કુલ કેસ વધીને ૨૪૭ થઈ ગયા છે.

દેશમાં ઓમિક્રોન વેરિયન્ટના કુલ ૨૪૭ કેસ નોંધાયા છે. તેમા દિલ્હીમાં ઓમિક્રોનના કુલ ૫૭ કેસ નોંધાયા છે. દિલ્હીની લોક નાયક હોસ્પિટલમાં ઓમિક્રોનના ૩૪ દર્દીઓની સારવાર કરાઈ હતી. આ તમામ દર્દીઓએ ફૂલી વેક્સિનેટેડ હતા. તેમાથી બે લોકોએ તો બૂસ્ટર ડોઝ પણ લીધો હતો. દિલ્હીમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ઓમિક્રોનના ખતરાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજે રિવ્યૂ મીટિંગ કરી હતી આ બેઠકમાં તમામ મંત્રીઓ અને આરોગ્ય વિભાગના તમામ અધિકારીઓ હાજર રહ્યાં હતાં અને ઓમિક્રોનના ખતરા સામે કેવી તૈયારી છે તે અંગે સમીક્ષા કરી હતી દિલ્હીમાં નવી ગાઈડલાઈન પણ જાહેર કરવામાં આવી હતી

ગઈકાલે દેશમાં કોરોનાના ૭૪૯૫ કેસ નોંધાયા છે જ્યારે ૪૩૪ લોકોના મોત થયા છે. એક્ટિવ કેસ ૭૮ હજાર ૧૯૦ હતા તે વધીને ૭૮ હજાર ૨૯૧ થયા છે. બે દિવસ અગાઉ દેશમાં કોરોનાના કેસ ૬૩૧૭ નોંધાયા હતા અને ૩૧૮ લોકોના મોત થયા હતા.દેશમાં ૧૭ રાજ્યમાં અત્યાર સુધીમાં ઓમિક્રોનના કુલ ૨૮૭ કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધારે મહારાષ્ટ્રમાં ૬૫, દિલ્હીમાં ૫૭, તમિલનાડુમાં ૩૪, કેરળ અને તેલંગાણામાં ૨૪-૨૪, ગુજરાતમાં ૨૩, રાજસ્થાનમાં ૨૨, કર્ણાટકમાં ૧૯, હરિયાણામાં ૪, જમ્મુ-કાશ્મીર અને પશ્ચિમ બંગાળમાં ૩-૩, ઓડિશા, આંધ્રપ્રદેશ અને ઉત્તર પ્રદેશ ૨-૨, ચંદિગઢ, લદ્દાખ અને ઉતરાખંડ ૧-૧ કેસ નોંધાયા છે. દેશમાં અત્યાર સુધીમાં ૮૩.૩૧ કરોડ લોકોને પ્રથમ ડોઝ અને ૫૬.૪૩ કરોડને બીજો ડોઝ અપાઈ ગયો છે.

## શ્રીનગરમાં આતંકવાદીઓનું મોટું કાવતરું નિષ્ફળ, ૫ કિલો IED

શ્રીનગર,

જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશનના ભાગરૂપે વાનપોરાના નેવા શ્રૃંગાર રોડ પરથી પાંચ કિલો આઈઈડી જપ્ત કર્યું હતું. મળતી માહિતી મુજબ આઈઈડી એક વાસણમાં મુકવામાં આવ્યો હતો. બોમ્બ ડિસ્પોઝલ ટીમે સ્થળ પર પહોંચીને આઈઈડીનો નાશ કર્યો હતો. આ મામલે કેસ નોંધીને તપાસ શરૂ કરવામાં આવી છે. વાસ્તવમાં સુરક્ષા દળોને વાનપોરામાં આતંકીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી.

જે બાદ પુલવામા પોલીસ, ૫૦ આરઆર અને ૧૮૩ સીઆરપીએફ દ્વારા સંયુક્ત રીતે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. સર્ચ દરમિયાન રસ્તાની બાજુમાં આઈઈડી પડેલો મળ્યો હતો. જે બાદ કેટલાક શકમંદોને પૂછપરછ માટે લેવામાં આવ્યા છે. સમયસર કાર્યવાહી થતાં મોટી દુર્ઘટના ટળી હતી.

સુરક્ષા દળોને નિશાન બનાવવા માટે, સુરક્ષા દળોએ હાઈવે પર ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લાના લોલાબ વિસ્તારમાં આતંકવાદીઓ દ્વારા લગાવવામાં આવેલા ૨ કિલો આઈઈડી અગાઉ મળી આવ્યો હતો તેને નિષ્ક્રિય કરીને એક મોટા ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું.

દરમિયાન, સવારે ૧૧.૩૦ વાગ્યે, બીએસએફ પેટ્રોલિંગ પાર્ટીને કુપવાડા-કાલારુચ હાઈવે પર પુલની બાજુમાં વાયર-કનેક્ટેડ બેટરી સાથે શંકાસ્પદ ધાતુ મળી આવી હતી. આ પછી આર્મી, બીએસએફ અને એસઓજીની ટીમે સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરી હતી. સ્થાનિક લોકોને કોઈ નુકસાન ન થાય તે માટે હાઈવે પર બંને તરફનો વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો હતો. આર્મીની બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડે ઘટનાસ્થળે પહોંચીને રસ્તા પરથી શંકાસ્પદ વસ્તુને ઉપાડીને જંગલમાં સલામત સ્થળે ખસેડી હતી.

આ પહેલા ઓગસ્ટ મહિનામાં જમ્મુ-કાશ્મીર પોલીસને એક મોટી સફળતા મળી હતી. વાસ્તવમાં જૈશ-એ-મોહમ્મદના ચાર આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ આતંકવાદીઓ રામ મંદિર અને પાણીપત રિફાઈનરી પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યા હતા.

જમ્મુમાંથી પકડાયેલા જૈશના ચાર આતંકવાદીઓ પાકિસ્તાનમાં જૈશ કમાન્ડરોના સંપર્કમાં હતા. તેમાંથી એકની ઓળખ ઉત્તર પ્રદેશના શામલીના રહેવાસી ઈઝહર ખાન તરીકે થઈ હતી. તેનું કામ રામ જન્મભૂમિ અને પાણીપત રિફાઈનરીની રેકી કરવાનું હતું. જો કે, જમ્મુ અને કાશ્મીર પોલીસે હુમલો કરતા પહેલા જ મોડ્યુલનો પર્દાફાશ કર્યો હતો. જમ્મુના એડિશનલ ડાયરેક્ટર જનરલ ઑફ પોલીસ મુકેશ સિંહે કહ્યું હતું કે છેલ્લા ૨૦થી ૨૫ દિવસથી અમે જૈશ મોડ્યુલ પર કામ કરી રહ્યા હતા.

## PACL ચિટ ફંડ કૌભાંડ મામલે CBIએ ૧૧ લોકોની ધરપકડ કરી

નવીદિલ્હી,

સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઇ) એ પીએસીએલ ચિટ ફંડ કૌભાંડના સંબંધમાં ૧૧ લોકોની ધરપકડ કરી છે. ગુરુવારના રોજ (૨૩ ડિસેમ્બર) સવારે આ માહિતી આપવામાં આવી હતી. પીએસીએલ કંપની પર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા ૧૮ વર્ષમાં રોકાણકારો પાસેથી ઓછામાં ઓછા રૂપિયા ૪૯,૧૦૦ કરોડ ગેરકાયદેસર રીતે એકત્રિત કરવા બદલ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

પીએસીએલ ચિટ ફંડ કૌભાંડને ભારતની સૌથી મોટી ચિટ ફંડ લૂંટ પણ કહેવામાં આવે છે.પીએસીએલ કંપનીની રચના ૧૯૮૨માં થઈ હતી, આ અંતર્ગત ઘણી કંપનીઓ બની હતી. ૨૦૧૫માં તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. રિપોર્ટ અનુસાર કંપનીએ રોકાણકારોને ફાયદો કરાવવાના નામે ૪૯,૧૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી.

પીએસીએલને ૨૦૧૫માં માર્કેટ રેગ્યુલેટર દ્વારા ૧૮ વર્ષમાં ૫૮ મિલિયન રોકાણકારો પાસેથી ઓછામાં ઓછા રૂપિયા ૪૯,૧૦૦ કરોડ એકત્ર કરવા માટે પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા. ૨૦૧૫માં સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જસ્ટિસ આર. એમ. લોઢાએ પીએસીએલની સંપત્તિનો નિકાલ કરીને પૈસા પરત કરવા જણાવ્યું હતું. સમિતિએ ૮ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ એક પ્રેસ રિલીઝ દ્વારા પીએસીએલ રોકાણકારોને રિફંડ માટે ઓનલાઈન અરજીઓ સબમિટ કરવા જણાવ્યું હતું.

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાએ ૨૭ એપ્રિલ ૨૦૨૧ના રોજ જણાવ્યું હતું કે,પીએસીએલ લિમિટેડના ૧,૨૭૦,૮૪૯ રોકાણકારો, જેમણે રૂપિયા ૧૦,૦૦૦ સુધીનો દાવો કર્યો હતો, તેમને ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધીમાં કુલ રૂપિયા ૪૩૮ કરોડ રિફંડ કરવામાં આવ્યા છે.

ઉલ્લેખીય છે કે,પીએસીએલ પર પ્રથમ કોલ ૧૯૯૭માં સેબી દ્વારા રજિસ્ટર કરવામાં આવ્યો હતો. કંપનીની કામગીરીને શંકાસ્પદ ગણીને સેબીએ આ કેસ નોંધ્યો હતો. વર્ષ ૨૦૦૩માં સેબીએ રાજસ્થાન હાઈકોર્ટમાંથી કંપની સામેનો કેસ જીત્યો હતો, પરંતુ ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આદેશને ફગાવી દીધો હતો અને સેબીને આ મામલાની ફરીથી તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. સેબીને તેની તપાસમાં જાણવા મળ્યું છે કે,પીએસીએલએ ૫ કરોડ ૬૦ લાખથી વધુ લોકોના નાણાંની ઉચાપત કરી છે.

## રાજ્યના ૭ SPને DIG તરીકે બઢતી અપવામાં આવી

ગાંધીનગર,

ગુજરાતમાં નવી સરકાર આવી છે ત્યારથી એકશન મોડમાં જોવા મળે છે. છેલ્લા ૧૦૦ દિવસમાં ભૂપેન્દ્ર સરકારે અનેક વિભાગમાં બદલી અને પ્રમોશન આપીને બઢતી આપી છે.

હાલ સરકારે રાજયના આઈપીએસને બઢતી સાથે નવા હોદ્દા પર નિમણૂક કર્યા છે. ૭ એસપીને ડીઆઈજી તરીકે બઢતી આપી છે. જામનગરના એસપી ભદ્રને ડીઆઈજી તરીકે નિમણૂક કર્યા છે. તેમને એટીએસના ડીઆઈજી તરીકે બઢતી આપી છે. ડીએત પરમારને પણ બઠતી આપી છે. આ ઉપરાંત એસપી સૌરભ તોલંબિયાને સીઆઈડીમા મૂકવામાં આવ્યા છે. મકરંદ ચૈહાણને ડીઆઈજી તરીકે બઢતી આપવામાં આવી છે. આ સાથે રાઠોડની ડીઆઈજી ક્રાઈમ ગાંધીનગર ખાતે મૂકવામાં આવ્યા છે. આર.એમ.પાંડેને પણ ડીઆઈજી તરીકે મૂકવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્યના સાત આઈપીએસને પ્રમોશન આપવામાં આવ્યા છે. જેમને એસપીમાંથી ડીઆઈજી તરીકે નિમણૂંક આપવામાં આવી. ઉલ્લેખનીય છે કે જામનગરના એસપી ભદ્રનને ડીઆઈજીનું પ્રમોશન અપાયું છે. જ્યારે એટીએસમાં ડીઆઈજી તરીકે ભદ્રનની બદલી ડીએચ પરમારને આપવામાં આવી છે.

જ્યારે એમએલ નિનામાને પણ એસપી તરીકે બઢતી મળી છે. સીઆઈડી ક્રાઈમ સૌરભ તોલંબિયાનું પ્રમોશન થયુ છે. મકરંદ ચૌહાણને ડીઆઈજી તરીકે નિમવામાં આવ્યા છે. ઉપરાંત પરીક્ષિતા ચૌહાણને બઢતી સાથે બદલી આપવામાં આવી છે. એટલું જ નહીં ગાંધીનગર ક્રાઈમ ખાતે રાઠોડની ડીઆઈજી તરીકે બદલી કરવામાં આવી છે. અને આર.એમ. પાંડેને પણ ડીઆઈજીનું પ્રમોશન મળ્યું છે.

## મોંઘા પેટ્રોલિયમ-ઘરની વધતી જરૂરિયાતથી ફાઈનાન્સિયલ ટ્રેન્ડ બદલાયો

નવીદિલ્હી,

કોવિડ રોગચાળા વચ્ચે પેટ્રોલ અને ડીઝલના આસમાનને આંબી રહેલા ભાવો અને ઘરની વધતી જતી જરૂરિયાતને કારણે દેશમાં નાણાંકીય વ્યવહારમાં મોટો બદલાવ આવ્યો છે. ફ્યુઅલ કાર્ડ જેવા ક્રેડિટ કાર્ડની માંગ લગભગ ૧૦ ગણી વધી ગઈ છે અને હવે લોકો મોટી રકમની હોમ લોન લઈ રહ્યા છે. દેશમાં ઉપયોગમાં લેવાતા કુલ ક્રેડિટ કાર્ડ્સમાં ફ્યુઅલ કાર્ડનો હિસ્સો વધીને ૧૩.૧% થયો છે જે ગયા વર્ષે ૪.૯૫% હતો. લગભગ તમામ કચેરીઓ અને શાળા-કોલેજો હવે ખુલી રહી હોવાથી નજીકના ભવિષ્યમાં પણ ફ્યુઅલ કાર્ડની માંગ પ્રબળ રહેવાની પ્રબળ શક્યતા છે. મંગળવારે જાહેર થયેલા બેંક માર્કેટના મનીમૂડ રિપોર્ટ અનુસાર આ વર્ષે વધુ એક નવો ટ્રેન્ડ સામે આવ્યો છે. ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરતી મહિલાઓની સંખ્યામાં લગભગ ૫૦%નો વધારો થયો છે. દેશમાં કુલ ક્રેડિટ કાર્ડ યુઝર્સમાં મહિલાઓની સંખ્યા ૨૦૨૦માં ૮.૪૧ ટકાની સરખામણીએ વધીને લગભગ ૧૨% થઈ ગઈ છે. ખાસ કરીને કિશોરો વધુ ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરી રહ્યા છે.

## વિદ્યાર્થીઓને શાળાએ બોલાવવા વાલીઓ પાસેતી સંમતિપત્રક જરૂરી : શિક્ષણ મંત્રી



અમદાવાદ,

કોરોનાથી સ્કુલો બંધ કરવા મુદ્દે શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ નિવેદન આપ્યુંછે. તેઓએ કહ્યું કે આરોગ્ય વિભાગ સાથે બેઠક ચાલે છે. અને વિદ્યાર્થીઓને શાળાએ બોલાવવા વાલીઓ પાસેથી સંમતિપત્રક પણ લેવામાં આવે છે.વધુમાં તેઓએ કહ્યું કે જો કોઈ ગાઈડલાઈનનું પાલન નહીં કરે તો કાયદેસરની કાર્યવાહી કરાશે. વાઘાણીએ કહ્યું કે, ઓનલાઈન માટે વિકલ્પ રહેશે. ઓફલાઈન માટે વાલીઓના ફરીથી સંમતિપત્ર મંગાવવામાં આવશે. કોરોના ગાઈડલાઈનનું કડક પાલન કરવાનું રહેશે. કોરોનાના કેસ વધતા રાજકોટમાં રાજ્ય સરકારના મંત્રી જીતુ વાઘાણીએ મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. શિક્ષણમંત્રીએ જણાવ્યું છે કે, દરેક સ્કૂલોએ કોરોના ગાઈડલાઈનનું કડક પાલન કરવાનું રહેશે. આરોગ્ય વિભાગ સાથે અમારી વાતચીત ચાલી રહી છે અને અનેકવાર અમારા વિભાગો દ્વારા પરીપત્રો પણ થયા છે. કોવિડ ગાઈડલાઈનનું કડક પાલન થાય. આમ પણ વાલીની સંમતિથી વિદ્યાર્થીઓ સ્કૂલમાં આવતા હોય છે. એ પુન: એકવાર સંમતિપત્ર લેવાનું અને ડીપીઓ-ડીઈઓ દ્વારા એક ડ્રાઈવ લેવાનું પણ નક્કી કર્યું છે. વાઘાણીએ જણાવ્યું હતું કે, જે તે વિદ્યાર્થીઓ ઓફલાઈન ભણવા માંગે છે, તેમના માટે વ્યવસ્થા તાત્કાલિક રૂપે બને એના માટે શિક્ષણ વિભાગે સૂચનાઓ આપી છે. આગામી દિવસોમાં પરિસ્થિતિઓ ધ્યાને રાખવામાં આવશે. પણ હાલ, આ પ્રકારની કડક સૂચનાઓ સાથે આપણી જે ગાઈડ લાઈન છે, તેની જાળવણી થાય તે જરૂરી છે.

## મહેબૂબા મુફ્તીએ પરોક્ષ રીતે મોદીની આગેવાની હેઠળના શાસનની તુલના પાકિસ્તાનના ભૂતપૂર્વ લશ્કરી સરમુખત્યાર જનરલ મુહમ્મદ ઝિયા-ઉલ-હકના શાસન સાથે કરી



શ્રીનગર,

પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના અધ્યક્ષ મહેબૂબા મુફ્તીએ પરોક્ષ રીતે ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળના શાસનની તુલના પાકિસ્તાનના ભૂતપૂર્વ લશ્કરી સરમુખત્યાર જનરલ મુહમ્મદ ઝિયા-ઉલ-હકના શાસન સાથે કરી હતી અને ભાજપ પર લોકોના મનમાં "ઝેર" ઠાલવવાનો આરોપ લગાવ્યો હતો. મુફ્તીએ લોકોને, ખાસ કરીને જમ્મુ અને કાશ્મીરના બંને વિભાગોના યુવાનોને એક સાથે આવવા અને "ખોવાયેલ સન્માન" માટે લડવાની અપીલ કરી. જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ની પુનઃસ્થાપના તરફ કામ કરવાની વાત કરી રહ્યા હતા. કેન્દ્રએ ઓગસ્ટ ૨૦૧૯માં આ કલમને રદ કરી દીધી હતી.

બીજેપીનું નામ લીધા વિના મહેબૂબાએ કહ્યું, "આપણા દેશમાં શું થઈ રહ્યું છે તે બધા જોઈ રહ્યા છે. આપણી લોકશાહી અને બંધારણનો નાશ થઈ રહ્યો છે. જનરલ ઝિયા-ઉલ-હકના શાસન અને આજના ભારત વચ્ચે શું તફાવત છે? પાકિસ્તાની શાસકની જેમ તેઓ આપણા દેશને ઝેર આપી રહ્યા છે."

જમ્મુમાં એક જાહેર સભાને સંબોધતા, મુફ્તીએ તાજેતરમાં પાકિસ્તાનમાં શ્રીલંકાના નાગરિકની લિંચિંગનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે પાકિસ્તાની વડા પ્રધાન તેની ટીકા કરવામાં ઉતાવળ કરે છે, જ્યારે ભારતમાં આવી ઘટનાઓમાં સંડોવાયેલાઓને માળા આપવામાં આવે છે. મુફ્તીએ કહ્યું કે ભારત અને મુસ્લિમોને વિભાજિત કરવા માટે પાકિસ્તાનના સ્થાપક મોહમ્મદ અલી ઝીણા સામે ક્રોધ છે, "આજે સેંકડો જિન્નાહ ભારતીયોનું ધ્રુવીકરણ કરી રહ્યા છે. તેઓ એવા પક્ષના છે જેણે સ્વતંત્રતા સંગ્રામમાં કોઈ ભૂમિકા ભજવી ન હતી.

ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને કહ્યું, "આજે તેઓ રાષ્ટ્રવાદી હોવાનો દાવો કરે છે અને તેમના હરીફોને દેશદ્રોહી અને રાષ્ટ્ર વિરોધી કહે છે. આઝાદીની લડત દરમિયાન તેમાંથી કોઈ જેલમાં ગયું નથી. તેઓએ થોડા વર્ષો પહેલા સુધી તેમના હેડક્વાર્ટર પર રાષ્ટ્રધ્વજ પણ ફરકાવ્યો ન હતો." જો કે, મુફ્તીએ કહ્યું કે તે "ગંગા-જામુની તહઝીબ" ની જગ્યા છે અને "ગોડસે" ની રાજનીતિ ચાલશે નહીં. ખાનગીકરણના વિરોધમાં ગયા અઠવાડિયે હડતાળ પર ઉતરેલા ત્નશ્દ્બ પાવર ડેવલપમેન્ટ વિભાગના કર્મચારીઓને વિખેરવા માટે આર્મીનો ઉપયોગ કરવા બદલ ભાજપની ટીકા કરતા મુફ્તીએ કહ્યું, "તેઓ ત્નશ્દ્બની બહાર પણ આવું કરી રહ્યા છે. પદ્ધતિનું પુનરાવર્તન કરશે કારણ કે તેઓ ઈચ્છે છે કે સૈનિકો પૂર્ણ કરે. તેમના ખભા પર બંદૂક મૂકીને કાર્ય.

પીડીપીના વડાએ ૧૯૭૧ અને ૧૯૯૯ના યુદ્ધમાં તેમની જીત માટે ભૂતપૂર્વ વડા પ્રધાનો ઈન્દિરા ગાંધી અને અટલ બિહારી વાજપેયીની પ્રશંસા કરી હતી. મુફ્તીએ પ્રશ્ન કર્યો કે જ્યારે "ચીને લદ્દાખમાં જમીનનો મોટો હિસ્સો લીધો અને અરુણાચલ પ્રદેશમાં સ્થાયી થયા" ત્યારે વર્તમાન શાસને શું કર્યું.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સૂત્ર 'એક દેશ, એક વિધાન, એક પ્રધાન, એક નિશાનદ્બને કાશ્મીર મુદ્દાનું મૂળ કારણ ગણાવતા પીડીપીના વડાએ કહ્યું કે તેનાથી જમ્મુ અને કાશ્મીરના લોકોમાં મતભેદ ઊભો થયો જેમણે 'દ્વિ-રાષ્ટ્રદ્બને નકારી કાઢ્યું હતું. સિદ્ધાંત. કર્યું હતું.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭ હજાર ૪૯૫ નવા કેસ નોંધાયા, ૪૩૪ લોકોના મૃત્યુ

નવીદિલ્હી,

દેશમાં જીવલેણ કોરોના વાયરસનો પ્રકોપ યથાવત છે. મોટી વાત એ છે કે દેશમાં હવે ઓમિક્રોન વેરિયન્ટના કેસો પણ વધતા જઈ રહ્યા છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૭ હજાર ૪૯૫ નવા કેસ સામે આવ્યા છે.

જ્યારે, ૪૩૪ લોકોના મૃત્યુ થઈ ગયા. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના ઓમિક્રોન વેરિયન્ટના ૨૩૬ કેસ સામે આવી ચૂક્યા છે.કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જારી કરવામાં આવેલા આંકડા પ્રમાણે, દેશમાં હવે એક્ટિવ કેસોની સંખ્યા ૭૮ હજાર ૧૯૦ છે. જ્યારે, આ મહામારીથી જીવ ગુમાવનારાની સંખ્યા વધીને ૪ લાખ ૭૭ હજાર ૭૫૯ થઈ ગઈ છે. આંકડા પ્રમાણે, કાલે ૬ હજાર ૯૬૦ રિકવરી થઈ, જ્યાર બાદ અત્યાર સુધીમાં ૩ કરોડ ૪૨ લાખ ૮ હજાર ૯૨૬ લોકો સંક્રમણ મુક્ત થઈ ચૂક્યા છે.

રાષ્ટ્રવ્યાપી રસીકરણ મુહિમ અંતર્ગત અત્યાર સુધીમાં કોરોના વાયરસ રોધી રસીના ૧૩૯ કરોડથી વધારે ડોઝ આપવામાં આવી ચૂક્યા છે. કાલે ૭૦ લાખ ૧૭ હજાર ૬૭૧ ડોઝ આપવામાં આવ્યા, જ્યાર બાદ અત્યાર સુધીમાં વેક્સીનના ૧૩૯ કરોડ ૬૯ લાખ ૭૬ હજાર ૭૭૪ ડોઝ આપવામાં આવી ચૂક્યા છે.

## ભારતે રચ્યો ઈતિહાસ: સતત બીજા દિવસે 'પ્રલય' બૈલિસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કરી બનાવ્યો રેકૉર્ડ

ભુવનેશ્વર,

ભારતે ગુરૂવારે ઈતિહાસ રચતા ૨૪ કલાકમાં બીજી અર્ધ બૈલિસ્ટિક મિસાઈલ 'પ્રલય'નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. તેની સાથે જ ભારતના ઈતિહાસમાં આ પહેલીવાર બન્યું છે જ્યારે ૨૪ કલાકની અંદર બે બેલિસ્ટિક મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ થયું હોય.

આ મિસાઈલ સપાટીએથી સપાટી પર પ્રહાર કરનારી છે અને ૧૫૦થી ૫૦૦ કિલોમીટરની વચ્ચે ટારગેટને તબાહ કરી શકે છે.સરકારી અધિકારીઓએ તેની જાણકારી આપી છે. અર્ધ બૈલિસ્ટિક મિસાઈલ પ્રલયનું આજે સવારે ઓડિશા કિનારાના ડૉ એપીજે અબ્દુલ કલામ દ્વીપથી પરીક્ષણ કરવામાં આવ્યું. રક્ષા અનુસંધાન વિકાસ સંગઠન દ્વારા વિકસિત ઠોસ-ઈંધણ, યુદ્ધક મિસાઈલ ભારતીય બેલિસ્ટિક મિસાઈલ કાર્યક્રમ 'પૃથ્વી રક્ષા વાહન' પર આધારિત છે. સપાટીથી સપાટી પર માર કરનારી મિસાઈલની પેલોડ ક્ષમતા ૫૦૦-૧૦૦૦ કિલોગ્રામ છે.

સૂત્રોના અનુસાર આ મિસાઈલ વિશે ડીઆરડીઓ દ્વારા વર્ષ ૨૦૧૫માં ચર્ચા કરવામાં આવી હતી. ડીઆરડીઓએ પોતાની વાર્ષિક રિપોર્ટમાં જણાવ્યું હતું કે આ બેલિસ્ટિક મિસાઈલ ચીનની બેલિસ્ટિક મિસાઈલોનો સામનો કરવામાં સંપૂર્ણ સક્ષમ છે. આ મિસાઈલની ખાસિયત એ છે કે તેને જમીનની સાથે-સાથે કન્સટરથી પણ છોડી શકાય છે.

મતદારોનો આભાર......



મોરવાહડફ તાલુકાની મોરવાહડફ ગ્રામ પંચાયત માં સરપંચ પદે વિજય બનાવવા બદલ સર્વે મતદાર ભાઈ-બહેનો, વડીલો તેમન તમામ ગ્રામજનોનો ખુબ ખુબ આભાર માનીએ છીએ.. સાથે ગ્રામ પંચાયતમાં સરકારની વિવિધ યોજનાઓનો લાભ તમામ નાગરિક સુધી પહોંચાડીને તેમનો સર્વાંગી વિકાસ કરવો એ જ અમારો મંત્ર રહેશે...

શ્રીમતી લલીતાબેન દિનેશભાઈ પટેલ

સરપંચશ્રી મોરવાહડફ, જી.પંચમહાલ

મતદારોનો આભાર......



મોરવાહડફ તાલુકાની વેજમાં ગ્રામ પંચાયત માં સરપંચ પદે વિજય બનાવવા બદલ સર્વે મતદાર ભાઈ-બહેનો, વડીલો તેમન તમામ ગ્રામજનોનો ખુબ ખુબ આભાર માનીએ છીએ.. સાથે ગ્રામ પંચાયતમાં સરકારની વિવિધ યોજનાઓનો લાભ તમામ નાગરિક સુધી પહોંચાડીને તેમનો સર્વાંગી વિકાસ કરવો એ જ અમારો મંત્ર રહેશે...

શ્રીમતી કમળાબેન પ્રેમચંદભાઈ ડામોર

સરપંચશ્રી-વેજમાં, તા.મોરવાહડફ, જી.પંચમહાલ

મતદારોનો આભાર......



લુણાવાડા તાલુકાની મોટા સોનેલા ગ્રામ પંચાયત માં સરપંચ પદે વિજય બનાવવા બદલ સર્વે મતદાર ભાઈ-બહેનો, વડીલો તેમન તમામ ગ્રામજનોનો ખુબ ખુબ આભાર માનીએ છીએ.. સાથે ગ્રામ પંચાયતમાં સરકારની વિવિધ યોજનાઓનો લાભ તમામ નાગરિક સુધી પહોંચાડીને તેમનો સર્વાંગી વિકાસ કરવો એ જ અમારો મંત્ર રહેશે...

શ્રી જયદેવસિંહ હરીશચંદ્રસિંહ સોલંકી

સરપંચશ્રી-મોટા સોનેલા, તા.લુણાવાડા, જી.મહીસાગર

# લુણાવાડા ઝયડી ગામ ખાતે ભાથીજી મંદિર તરફ જતો ડામર રસ્તો બનાવવા સ્થાનિક ગ્રામજનોની માંગ

લુણાવાડા,

લુણાવાડા તાલુકાના ઝયડી ગામ ખાતે ભાથીજી મંદિર તરફ જતો રસ્તો પગ પાળા ચાલી શકાય તેવો હોવાથી ગામ ના અગ્રણી કાંતિ ભાઈ બારીયા સહિત ગ્રામજનો એ પોતાના ખર્ચે વાહન અવર જવર કરી શકે તેવો કાચો રસ્તો હાલ બનાવવામાં આવ્યો છે. હવે સ્થાનિક ગ્રામજનો અહી ડામર રસ્તો બને તેવી માંગ ઉઠવા પામી હતી.જો આવનાર દિવસો માં અહી ડામર રસ્તો નહીં બને તો સ્થાનિક ગ્રામજનો જિલ્લા કલેકટર થી લઈને રાજ્યના મુખ્ય મંત્રી સુધી રજૂઆત કરશે.

લુણાવાડા તાલુકાના ઝયડી ગામમાં ભાથીજી મંદિર તરફ જવાનો ડામર રસ્તો નવીન બનાવામાં માર્ગ અને મકાન વિભાગ ઓરમાયું વર્તન રાખી રહ્યું હોવાનું ગ્રામજનો ને લાગી રહ્યું છે.આ ગામના પાકા ડામર રસ્તાથી ભાથીજી મંદિર તરફ જવાનો રસ્તો પગ પાળા ચાલી ને જવાય તેવો હોવાથી ગ્રામજનો ને નાના મોટા વાહનો લઇ જવામાં ભારે તકલીફ પડી રહી હતી. જેને લઈને આ ગામના જાગૃત ગ્રામજન કાંતિભાઈ બારીયા સહિત ના ગ્રામજનો દ્વારા કાચો રસ્તો વાહન લઈને અવર જવર કરાઈ શકાય તેવો બને તે માટે ગામમાંથી ફાળો ઉઘરાવીને કરવામાં આવ્યો હતો. હાલ તો કાચો રસ્તો સ્વ ખર્ચે ગ્રામજનો દ્વારા બનાવવામા આવ્યો તે ડામર રસ્તો બને તેવી માંગ સ્થાનિક ગ્રામજનો કરી રહ્યા છે. જો સબંધિત તંત્ર દ્વારા ડામર રસ્તો આવનાર દિવસોમાં બનાવવામા નહીં આવે તો આ ગામના જાગૃત ગ્રામજન કાંતિભાઈ ભલાભાઈ બારીયા ગ્રામજનોને સાથે રાખીને જિલ્લા કલેકટર અને રાજ્યના મુખ્યમંત્રીને લેખિત અને મૌખિક રજૂઆત કરનાર છે. આઝાદીના દાયકા બાદ પણ આજ પરિસ્થિત અહીં જોવા મળતી હોય ત્યારે એમ કહી શકાય કે અન્ય ગામોના ડામર રસ્તા હશે કે નહિ તેવા અનેક સવાલો આ દેખતા ઉઠેતો નવાઈ નહિ, માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ ઓફિસમાં બેસવા કરતા થોડો સમય ગ્રામીણ વિસ્તારની લેતા હશે ખરા જો લેતા હોય તો આ ગામના લોકોને પોતાના ખર્ચે વાહન અવર જવર કરી શકે તેવો રસ્તોના બનાવો પડતો, સબંધિત તંત્રના સરકારી બાબુઓ હવે આળસ છોડીને આ ગામની મુલાકાત લઈને પરિસ્થિત થી વાકેફ થાય અને અહી બે કિમી કરતા વધુ નો ડામર રસ્તો વહેલી તકે બનાવે તેવી આશા ગ્રામજનો રાખી રહ્યા હતા.

- સ્થાનિક ગ્રામજનોએ પગપાળા જતા રસ્તાને ફાળો ઉઘરાવીને વાહનો જઈ શકે તેઓ કાચો બનાવવામાં આવ્યો.
- આ ડામોર રસ્તો નહીં બને તો કાંતિભાઈ બારીઆ સહિતના ગ્રામજનો જિલ્લા કલેકટરથી લઈને રાજયના મુખ્યમંત્રી સુધી કરશે રજૂઆત.

# જાહેર સેવા આયોગ ગાંધીનગર દ્વારા ગુજરાત વહીવટી સેવા-૦૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨, નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ ની પરીક્ષા લેવાશે

લુણાવાડા,

તા.૨૬/૧૨/૨૦૨૧ ના રોજ જાહેર સેવા આયોગગાંધીનગર દ્વારા ગુજરાત વહીવટી સેવા–૦૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ–૧/૨, નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ–૨ ની પરીક્ષા લેવામાં આવનાર છે. આ જાહેર પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તથા ઉમેદવારો શાંત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે મહીસાગર–લુણાવાડાના અધિક જિલ્લાથ મેજિસ્ટ્રેટ એ.આઇ.સુથારે ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪થી મળેલ સત્તાની રૂએ આજે તા.૨૬/૧૨/૨૦૨૧ના રોજ સવારના ૦૮–૦૦ કલાકથી સાંજના ૨૦–૦૦ કલાક સુધીના સમયગાળા માટે અત્રેના મહીસાગર જિલ્લામાં કિસાન માધ્યમિક વિદ્યાલય, બસ સ્ટેન્ડ સામે, લુણાવાડા, પંચશીલ હાઈસ્કૂલ, એસ.ટી.વર્કશોપ સામે, લુણાવાડા, એસ.કે.હાઈસ્કૂલ, ફુવારા ચોક પાસે, રાજમહેલ બ્રાન્ચ, લુણાવાડા, એસ.કે.હાઈસ્કૂલ, કોટેજ હોસ્પિટલ પાસે, લુણાવાડા, સ્વામી વિવેકાનંદ વિદ્યાલય, પશુદવાખાના પાસે, લુણાવાડા, આદર્શ વિદ્યલય, વરધરી રોડ, લુણાવાડા, બ્રાઈટ મા.અને ઉ.મા.શાળા, નવા કારવા, લુણાવાડા, હાજી.જી.યુ.પટેલ હાઈસ્કૂલ, મધવાસ દરવાજા બહાર, લુણાવાડા, સરદાર પટેલ વિદ્યાલય, ચારકોસીયા નાકા પાસે, લુણાવાડા, ક્રિસ્ટરલ સાયન્સ સ્કૂલ, ચારકોસીયા નાકા પાસે, લુણાવાડા, વેલ્હેમ્સ ઈન્ટરનેશનલ સ્કૂલ, સૈફી હોસ્પિટલ પાસે, ચારકોસીયા નાકા, મોડાસા રોડ, લુણાવાડા ખાતે પરીક્ષા લેવામાં આવનાર છે.

આ પરીક્ષા કેન્દ્રોની ચર્તુ દિશાની ચોતરફ ૨૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો,જગ્યા, સ્થળ અને વિસ્તારમાં ચાર માણસોએ એકઠા થવા, મંડળી ભરવા અધિકૃત અધિકારીઓ, કર્મચારીઓ તથા પરીક્ષાર્થીઓ સિવાય કોઇ પણ ઇસમને પરીક્ષા કેન્દ્રની ચતૃદિશાની ચોતરફ ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રવેશ કરવો જેવા કૃત્યો્ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો્ છે.

જયારે આ પરીક્ષા કેન્દ્રો માં પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઇ બિનઅધિકૃત વ્યકિતઓએ અવર–જવર કરવી નહિ, કાયદેસરની ફરજ બજાવનારાઓને કોઇપણ પ્રકારે અડચણ કે અવરોધ કરવો કે કરાવવો, તેમજ કોઇપણ ઇસમે કોઇપણ પ્રકારની તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા /કરાવવામાં સીધી કે આડકતરી, મદદગારી કરવી કે કરાવવા ઉપર, પરીક્ષાથી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ–વિક્ષેપ– ધ્યાનભંગ થાય તેવુ કોઇ કૃત્ય કરવું/કરાવવા. ઉપર, પરીક્ષાર્થીઓ, શિક્ષકો, રાંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ સ્ટાફએ પરીક્ષા સંબંધી ચોરી કરી શકાય તેવી કોઇ વસ્તુ, અથવા ઇલેકટ્રોનીક આઇટમ જેવી કે મોબાઇલ ફોન, કેમેરા, સ્માર્ટવોચ, સ્માર્ટબેન્ડ, લેપટોપ, કોમ્પ્યુટર, કેલક્યુલેટર તથા તેવા બીજા ઇલેકટ્રોનિકસ ગેઝેટ ઉપકરણોના ઉપયોગ કરવા તથા પુસ્તકો, કાપલીઓ, ઝેરોક્ષ નકલો કે પરીક્ષાલક્ષી કોઇપણ પ્રકારનું સાહિત્ય પરીક્ષા ખંડમાં લઇ જવા, વહન કરવા કે તેમાં મદદગારી કરવા ઉપર, પરીક્ષાખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષાર્થીઓને, અન્ય કોઇ વ્યકિત અથવા જાતે પરીક્ષામાં ચોરી કરવી કે, કરાવવી, તે પ્રકારના કામમાં મદદગારી કરવી તેમજ પરીક્ષાલક્ષી કોઇપણ પ્રકારના સાહિત્યની આપ–લે કરવી કે કરાવવી જેવા કૃત્યોર કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યોમ છે.

પરીક્ષામાં થતી ગેરરીતિ અટકાવવાના હેતુથી. ઉપર મુજબના પરીક્ષા કેન્દ્રો વિરતારમાં આવેલ ઝેરોક્ષ કોપી સેન્ટર, ઝેરોક્ષ કોપીઅર મશીન, ફેકસ મશીન સંચાલકોએ કોપીઅર મશીનનો ઉપયોગ પરીક્ષાના દિવસ દરમ્યાન સવારના ૮–૦૦ કલાક થી ૨૦–૦૦ કલાક સુધી સદંતર બંધ રાખવાના રહેશે.

પરીક્ષા કેન્દ્રની આજુબાજુ બિનજરૂરી ટોળા ભેગા થવા પર, કોઇ અનઅધિકૃત વ્યકિતને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરવા પર પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા ચાલતી હોય તે સમયે પરીક્ષાને લગતી અનઅધિકૃત લેખન સામગ્રી પરીક્ષા કેન્દ્રમાં લઇ જવા પર તેમજ પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં માઇક/ લાઉડ સ્પીકર કે ડી.જે. સાઉન્ડ વગાડવા પર પણ મનાઇ ફરમાવવામાં આવી છે.

આ જાહેરનામાથી કેન્દ્રીય ગૃહ મંત્રાલય, ભારત સરકાર, તેમજ ગૃહ વિભાગ, ગુજરાત સરકારની કોરોના (COVID19) અંગેની તાજેતરની ગાઇડલાઇનનું ચુસ્તપણે પાલન કરવા પણ જણાવાયું છે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઇસમ ઇન્ડીયન પીનલ કોડની કલમ–૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. અને જો કોઇ તેનો અનાદર, કાનુની રીતે કામે રાખેલ વ્યક્તિઓને અવરોધવા કે હાનિ પહોંચાડે તેમ હોય અથવા તે અંગેનું જોખમ ઉભું કરશે તો તેને ૧ માસ સુધીની સાદી કેદ અથવા બસો રૂપિયા સુધીનો દંડ અથવા બન્ને શિક્ષાને પાત્ર થશે અને જે આવો અનાદર માનવજીવન, સુખાકારી કે સલામતીને ભયમાં મુકે અથવા મૂકે તેમ હોય અથવા તેથી હુલ્ડ કે બખેડો થાય તેમ હોય તો તેને (છ) માસ સુધીની બેમાંથી કોઇપણ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તો બને સજા થવાને પાત્ર રહેશે.

આ હુકમથી મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબરલ કે તેનાથી ઉપરનાં હોદ્દોધરાવનાર પોલિસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ–૧૮૬૦ની કલમ–૧૮૮ મુજબ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવેલ છે.

# પંચમહાલ જિલ્લાના પરીક્ષા કેન્દ્રો વિસ્તારોમાં કલમ-૧૪૪ લાગુ કરતો જાહેર હુકમ કરાયો

ગોધરા,

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત વહીવટી સેવા વર્ગ–૦૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ–૧ અને વર્ગ–૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ–૨ની જગ્યાઓ પર ભરતી અંતર્ગત આગામી તા. ૨૬/૧૨/૨૦૨૧નાં રવિવારના રોજ પંચમહાલ જિલ્લાના જુદા–જુદા પરીક્ષાકેન્દ્રો ઉપર સવારનાં ૧૦.૦૦ કલાકથી સાંજનાં ૦૬.૦૦ કલાક દરમિયાન પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષાઓનું સંચાલન સરળતાપૂર્વક થાય, ખંડ નિરીક્ષકો અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર નિરીક્ષણ કાર્ય કરી શકે તથા પરીક્ષાર્થીઓ શાંતિમય સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાપૂર્વક તથા ગેરરીતિ કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષાઓ આપી શકે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એમ.ડી. ચુડાસમા (જી.એ.એસ.) દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ પરીક્ષા કેન્દ્રો ખાતેના સ્થળોથી ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામા હેઠળ જિલ્લાનાં પરીક્ષાકેન્દ્રોએ તા. ૨૬.૧૨.૨૦૨૧ સવારના ૦૯.૦૦ કલાકથી સાંજનાં ૦૭.૦૦ કલાક સુધીનાં સમયગાળા માટે નીચે દર્શાવેલ કૃત્યો કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

આ જાહેરનામા દ્વારા પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધી કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત વ્યકિતઓએ અવરજવર કરવા ઉપર, કાયદેસરની ફરજ બજાવનારાઓને કોઈપણ પ્રકારે અડચણ કે અવરોધ કરવા કે કરાવવા ઉપર તેમજ કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા કે કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવા ઉપર કે પરીક્ષાર્થીઓને શાંતિ–લેખન કાર્યમાં અડચણ–વિક્ષેપ થાય તેવું કોઈ કૃત્ય કરવા–કરાવવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત પરીક્ષાર્થીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી કર્મચારીઓ પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી વસ્તુ અથવા મોબાઈલ ફોન, પેજર, કેમેરા, લેપટોપ, કોમ્પ્યુટર, કેલ્ક્યુલેટર વગેરેનો ઉપયોગ કરવા, કરાવવા ઉપર, પુસ્તકો, કાપલીઓ, ઝેરોક્ષ નકલો કે પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારનું સાહિત્ય પરીક્ષા સ્થળમાં લઈ જવા, વહન કરવા કે તેમાં મદદગારી કરવા કે તેવી વસ્તુઓ સાથે પરીક્ષાસ્થળમાં પ્રવેશવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પરીક્ષામાં થતી ગેરરીતિ અટકાવવાના હેતુથી પરીક્ષાના સમગ્ર વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કોપિયર, ફેકસ મશીન સંચાલકોએ કોપિયર મશીનોનો ઉપયોગ પરીક્ષાના દિવસે સવારના ૦૮.૩૦ કલાકથી ૧૯.૦૦ કલાક સુધી સદંતર બંધ રાખવાના થશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ઈન્ડિયન પીનલ કોડની કલમ–૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

(પાન નં.૪ નું ચાલુ)

# તાલુકા પ્રાથમિક શિક્ષક ઘટક સંઘ-કાલોલ દ્વારા સરકારને જુની પેન્શન યોજના પુનઃ લાગુ કરાવવા અને અન્ય પ્રશ્નો સંદર્ભે ઘરણાં કરી આવેદનપત્ર આપવામાં આવ્યું

કાલોલ,

તાલુકા પ્રાથમિક શિક્ષક ઘટક સંઘ–કાલોલ દ્વારા જુની પેન્શન યોજના ચાલુ કરવા અને અન્ય પ્રશ્નો સંદર્ભે મામલતદાર કચેરી બહાર ૧૧:૦૦ થી ૧૬:૦૦ કલાક દરમ્યાન ઘરણા કરી ટી.પી.ઈ.ઓ કાલોલ ને આવેદનપત્ર આપી સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી. આ અંગે મળ્યા કન્વીનર



રમેશભાઈ પટેલએ જણાવ્યું હતું કે અખિલ ભારતીય પ્રા.શિ.સંઘ દ્વારા જુની પેન્શન યોજના ફરીથી તાત્કાલિક ચાલુ કરવી, સાતમા પગાર પંચના લાભો સમગ્ર દેશમાં સમાનરૂપે આપવા, જુદા જુદા નામથી રાજ્યોમાં ફરજ બજાવતા કરાર આધારિત શિક્ષકોને નિયમિત કરવાની ખાતરી તથા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ માં શિક્ષક વિરોધી જોગવાઈઓ દુર કરવાની મુખ્ય માંગણી કરાઇ હતી.

ગુજરાત રાજ્ય પ્રા.શિ.સંઘ દ્વારા એસપીએલ રજા બાબતે નિર્ણય થવા, તા.૨૭ એપ્રિલ–૨૦૨૧ પહેલાં ભરતી થયેલ શિક્ષકોને નિવૃત્તિ સામે કાયમીના આદેશ થવા, દસ વર્ષના બોન્ડમાં ભરતી થયેલા શિક્ષકોની બોન્ડની મર્યાદા ઘટાડવા, એચ.ટાટ તથા પ્રાથમિક શિક્ષકોના મહેક્મના સેટઅપની સંખ્યા સુધારવી, બદલીના નવા નિયમો ઝડપથી બહાર પાડવા તથા કોરોનાના કારણે સીસીસી પરીક્ષા લેવાયેલ ન હોય તો ૩૧ ડિસેમ્બર–૨૦૨૦ પછી મુદતમાં વધારો કરવા બાબતે માંગણીઓ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા સંઘના મહામંત્રી કિરીટભાઈ પટેલ તાલુકા સંઘના પ્રમુખ ભાવિકભાઈ પટેલ રાજ્ય પ્રતિનિધી ગૌરાંગ જોશી, મંત્રી રમણભાઈ રાઠોડ, તાલુકા ઘટક સંઘના કારોબારી સભ્યો અને પગાર કેન્દ્રના શિક્ષક ભાઈઓ, બહેનો તેમજ નવી વર્ધિત પેન્શન યોજનાના અસરગ્રસ્ત શિક્ષક ભાઈઓ અને બહેનોકે જેઓ જૂની પેન્શન યોજના પુનઃ શરૂ કરાવવા અને અન્ય પ્રશ્નો સંદર્ભે મોટી સંખ્યામાં આંદોલનના ભાગરૂપે ઘરણાં કાર્યક્રમ ઉપસ્થિત રહ્યા હતા.

## કાલોલ તાલુકાની ગ્રામ પંચાયતના વિજેતા થયેલ સરપંચો

| ગામ | - | સરપંચ |
|---|---|---|
| આથમણા | – | નીરૂબેન ધર્મેન્દ્રસિંહ પરમાર |
| ઉતરેડીયા | – | રંગીતભાઈ સામતભાઈ બારીઆ |
| એરાલ | – | જયદિપસિંહ સોમાભાઈ બારીઆ |
| કંડાચ | – | જશુભાઈ ગોરધનભાઈ નાયકા |
| કણેટીયા | – | જ્યોત્સનાબેન અર્જુનસિંહ પરમાર |
| કાતોલ | – | સવિતાબેન નવરતભાઈ નાયક |
| કાદવીયા | – | ભારતભાઈ મડાભાઈ બારીયા |
| કાનોડ | – | પુષ્પાબેન પ્રવિણસિંહ ચૌહાણ |
| કાલંત્રા | – | રંગીતસિંહ પ્રવિણસિંહ ચોહાણ |
| ખંડોળી | – | મણીબેન હિમતસિંહ પરમાર |
| ખડકી | – | સવિતાબેન નરેન્દ્રસિંહ ગોહિલ |
| ખરસાલીયા | – | દિલીપકુમાર મોહનભાઈ સોલંકી |
| ગુસર | – | રાધાબેન દીનુભાઈ બારીઆ |
| ચોરાડુંગરી | – | અંતુબેન પરષોત્તમસિંહ ચૌહાણ |
| જંત્રાલ | – | વિનોદભાઈ મગનભાઈ હરીજન |
| જેલી | – | કશનબેન પ્રવિણસિંહ સોલંકી |
| ડેરોલ સ્ટેશન | – | ઉષાબેન રમેશચંદ્ર સુથાર |
| ડેરોલ ગામ | – | કપીલાબેન રાજેન્દ્રસિંહ પટેલ |
| નાંદરખા | – | પ્રવિણસિંહ ગણપતસિંહ પરમાર |
| નારણપુરા | – | રવિન્દ્રસિંહ પર્વતસિંહ ઠાકોર |
| નેવરીયા | – | ઉદેસિંહ છત્રસિંહ પરમાર |
| પરૂણા | – | વર્ષાબેન કિરીટસિંહ પરમાર |
| પલાસા | – | જયેશસિંહ સોમસિંહ પરમાર |
| પીંગળી | – | વિજયસિંહ અંદરસિંહ સોલંકી |
| બોરૂ | – | શિલ્પાબેન જીજ્ઞેશકુમાર સોલંકી |
| ભાદરોલી બુઝર્ગ | – | ભૂમિકાબેન કિરણભાઈ બેલદાર |
| ભુખી | – | ચંપાબેન સોમસિંહ જાદવ |
| મીરાપુરી | – | મણીબેન અશોકભાઈ રાઠવા |
| મેદાપુર | – | તુલાભાઈ રતનભાઈ પટેલ |
| મોકળ | – | સંજયકુમાર બળવંતસિંહ ચૌહાણ |
| રતનપુરા | – | ભારતસિંહ હિંમતસિંહ રાઠોડ |
| રબોડા | – | રશ્મીકાબેન નિલેશભાઇ પટેલ |
| વરવાડા | – | બળવંતભાઈ પર્વતભાઈ બારીઆ |
| વેજલપુરા | – | સુગરીબેન બુધાભાઈ નાયક |
| શકિતપુરા | – | દિનેશભાઈ માંગીલાલ બલચ |
| શામળદેવી | – | મહેશભાઈ મંગળભાઈ પરમાર |
| સણસોલી | – | નિલેશકુમાર વિજયસિંહ રાઠોડ |
| સમા | – | સતિષકુમાર પર્વતભાઈ નાયક |
| સાતમણા | – | કિરણભાઈ રંગીતભાઈ પરમાર |
| સાલીયાવ | – | મીતેષકુમાર વિજયભાઈ પરમાર |
| સુરેલી | – | ભારતસિંહ પર્વતસિંહ ચૌહાણ |

## મોરવા(હ) તાલુકાની ગ્રામ પંચાયતના વિજેતા થયેલ સરપંચો

| ગામ | - | સરપંચ |
|---|---|---|
| પથનપુર (તાવ) | - | લાડુભાઈ રાયમલભાઈ ખાંટ |
| પરબીયા | - | પાર્વતીબેન અરવિંદ ડામોર |
| અગરવાડા | - | સુશીલાબેન ગુલાબસિંહ વણઝારા |
| કડાદરા | - | રંગીતાબેન બાબુભાઈ બારીઆ |
| કશનપુર | - | રમીલાબેન નરવતભાઈ નાયક |
| કુવાઝર | - | પ્રવિણસિંહ શનાભાઈ ચૌહાણ |
| ખટવા | - | પ્રેમીલાબેન મુકેશભાઈ કટારા |
| ખાનપુર | - | શિલ્પાબેન ગીરીશકુમાર પટેલ |
| ખાબડા | - | દક્ષાબેન નીતીનકુમાર પટેલ |
| ખુદરા | - | કોકીલાબેન નરેન્દ્રકુમાર માલીવાડ |
| ખેડાપા નવી વસાહત | - | હરદીપસિંહ મણીલાલ પારગી |
| ગાજીપુર | - | પ્રીતીબેન શૈલેષકુમાર રાવળ |
| ચાંદપુર | - | વીણાબેન અશ્વીનભાઈ ડામોર |
| ચોપડા (બુઝર્ગ) | - | સુમિત્રાબેન વિક્રમભાઈ બારીઆ |
| ડાંગરીયા | - | વિલાસબેન વિક્રમસિંહ નાયકા |
| તાજપુરી | - | કિરીટભાઈ જેસીંગભાઈ બારીઆ |
| દેલોચ | - | બબલીબેન અભેસિંહભાઈ માલીવાડ |
| નવાગામ | - | ભુરીયા દક્ષાબેન આનંદકુમાર |
| નસીરપુર (ન.વ.) | - | સવિતાબેન કુબેરભાઈ ખાંટ |
| નાગલોદ | - | દિપાભાઈ કડવાભાઈ નાયક |
| નાટાપુર | - | વિક્રમસિંહ શંકરભાઈ બારીઆ |
| બામણા | - | કાનાભાઈ ધનાભાઈ પરમાર |
| ભંડોઈ | - | મકવાણા સુમિત્રાબેન ડાહ્યાભાઈ |
| મેત્રાલ | - | શાંતાબેન અજમેલભાઈ બારીઆ |
| મોરવા(હ) | - | લલીતાબેન દિનેશભાઈ પટેલ |
| મોરા | - | હિતેશકુમાર નટવરલાલ રાજભોઈ |
| રજાયતા | - | સુરતાબેન વિક્રમસિંહ ડીંડોર |
| રતનપુર (મે) | - | કનકસિંહ શનાભાઈ પણદા |
| વનેડા | - | ઉર્મિલાબેન શૈલેષકુમાર પટેલ |
| વાંસદેલીયા | - | ભુપેન્દ્રકુમાર ગમતસિંહ ઠાકોર |
| વાડોદર | - | મોહનભાઈ બળવંતભાઈ પટેલ |
| વાલૈયા | - | રસીલાબેન રમેશભાઈ |
| વિરણીયા | - | નિશાબેન જશવંતભાઈ ધોડ |
| વેજમાં | - | કમળાબેન પ્રેમચંદભાઈ ડામોર |
| સાગવાડા | - | નવિનકુમાર ભારતસિંહ |
| સાલીયા | - | અશ્વિનકુમાર મોહનસિંહ ડામોર |
| સુલાયાત | - | સંગીતાબેન કમલેશકુમાર ઝાલૈયા |
| હારેડા | - | સુખીબેન મહેન્દ્રસિંહ પગી |

## જાંબુઘોડા તાલુકાની ગ્રામ પંચાયતના વિજેતા થયેલ સરપંચો

| ગામ | - | સરપંચ |
|---|---|---|
| જાંબુઘોડા | - | જીતકુમાર મયંકકુમાર દેસાઈ |
| કરા | - | વિદ્યાબેન ધર્મેન્દ્રભાઈ બારીઆ |
| ખાંડીવાવ | - | શંકરભાઈ ભગાભાઈ બારીઆ |
| નાથપુરી | - | કનુભાઈ ચિમાભાઈ બારીઆ |
| ખાખરીઆ | - | આશાબેન નરેન્દ્રભાઈ બારીઆ |
| ખોડસલ | - | સંગીતાબેન અશ્વિનભાઈ બારીઆ |
| ચાલવડ | - | ધર્મિષ્ઠાબેન ગોપાલભાઈ બારીઆ |
| ડુમાં | - | સીતાબેન મહેન્દ્રભાઈ બારીઆ |
| હીરાપુર | - | દર્શનભાઈ પુનભાઈ બારીયા |
| ફુલપુરી | - | વર્ષાબેન વિજયભાઈ બારીઆ |
| ઊંચેટ | - | હંસાબેન અજય કુમાર રાઠવા |
| કણજીપાની | - | કોકિલાબેન નવનીતભાઈ બારીઆ |
| ગરમુલા | - | સુરેખાબેન બળવંતભાઈ બારીઆ |
| ગાંધરા | - | બજીબેન કનુભાઈ રાઠવા |
| ઝબાણ | - | મમલીબેન પ્રતાપભાઈ રાઠવા |
| ધનપુરી | - | રમીલાબેન તેરસિંગભાઈ બારીઆ |
| પડીકેરી | - | તુલસીભાઈ ખાતરભાઈ તડવી |
| ભાણપુરા | - | શારદાબેન તુલસીભાઈ બારીઆ |
| મસાબાર | - | વિલાસબેન અશ્વિનભાઈ બારીઆ |
| રામપુરા | - | કસ્તુરીબેન લાલસિંગભાઈ રાઠવા |
| વાવ | - | કપિલાબેન રાજેશભાઈ બારીઆ |
| જોટવડ | - | ચકુબેન પ્રેમસિંગભાઈ બારીઆ |
| નારૂકોટ | - | ધીરાભાઈ ચિમાભાઈ બારીઆ |
| ઉંઢવણ | - | ભીમસિંગભાઈ ખુમાનભાઈ બારીઆ |

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : વાહન મશીન વગેરેથી સંભાળવુ, સારા શુભ સમાચાર મળશે, કરેલા રોકાણથી લાભ થશે, કામકાજમાં ફાયદો થશે.

વૃષભ (બ.વ.ઉ.) : નોકરી અને રોકાણથી લાભ થશે, યાત્રા પ્રવાસથી લાભ થાય, પરોપકારના કામ કરવાથી શાંતિ મળે, માનસિક બેચેની જણાશે.

મિથુન (ક.છ.ઘ.) : જોખમવાળા કામથી દુર રહેવુ, ખર્ચનુ પ્રમાણ અધિક જણાશે, શત્રુથી સામાન્ય પરેશાની જણાશે, અજાણ્યા વ્યક્તિનો વિશ્વાસ ના કરવો.

કર્ક (ડ.હ.) : રોકાયેલુ ધન કોશિષ કરવાથી મળશે, કામકાજમાં વૃદ્ધી થશે, રોકાણ, વેપાર, અભ્યાસમાં સફળતા મળશે, મનોબળ મજબૂત બનશે.

સિહ (મ.ટ.) : નવા કામકાજથી લાભ થશે, આત્મબળમાં વધારો થશે, કામકાજમાં ફાયદો થાય અને મન પ્રસન્ન રહેશે કામમાં જવાબદારી વધશે.

કન્યા (પ.ઠ.ણ.) : ધાર્મિક યાત્રા કે પ્રવાસની સંભાવના છે, રાજકાજની રુકાવટો દુર થશે, ધનપ્રાપ્તિની સંભાવના પ્રબળ બને છે, કામકાજમાં સફળતા જણાશે.

તુલા (ર.ત.) : આકસ્મિક લાભ થાય, નવા રોકાણ માટે ઉત્તમ સમય છે, વિવાદીત કાર્યોમાં પ્રતિષ્ઠાને હાનિ પંહોચશે, મોટાની વાતને દિલ ઉપર ના લેવી.

વૃશ્ચિક (ન.ય.) : જીવનસાથી ભાગીદારોનો સહયોગ મળશે, વિરોધીઓ તમારાથી પરાજીત થશે, કોર્ટ કચેરી-પારિવારિક સંઘર્ષમા સાચવવુ, વ્યર્થ વાણીવિલાસથી દુર રહેવુ.

ધન (ભ.ધ.ફ.ઢ.) : સંપત્તિને લગતા કામકાજમાં લાભ થશે, સામાજીક કાર્યોમાં યશ પ્રભાવ વધશે, વિવેકવાળા કામકાજમાં લાભ થશે, હરિફાઈવાળા કામમાં સફળતા મળશે.

મકર (ખ.જ.) : મહેનતના પ્રમાણમાં સારી સફળતા મળશે, ધંધામાં આવકની નવી તકો મળશે, સંતાનોના પ્રશ્નોથી પરેશાની રહેશે, જવાબદારીમાં વધારો થશે સાથે લાભ પણ થશે.

કુંભ (ગ.શ.સ.ષ.) : મશીનરી અને વાહન બાબતે સંભાળવુ, જોખમી કામકાજથી દુર રહેવુ, વેપાર વાણિજ્યમાં મધ્યમ જણાશે, કેરીયરની બાબતમાં સાવધાન રહેવુ.

મીન (દ.ચ.ઝ.થ.) : યાત્રા પ્રવાસ કે ફરવાથી લાભ થશે, માન પાન પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે, રોકાયેલા કાર્યોમાં ગતિ મળશે,હોંશિયારીથી કામમાં ધ્યાન આપવુ.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં ૨૪ કલાકમાં ત્રણ અકસ્માત : ૪ ના મોત




દાહોદ,

દાહોદ જિલ્લામાં વિતેલા ચોવીસ કલાકની અંદર વાહન ચાલકોની ગફલતના કારણે માર્ગ અકસ્માતના બનેલા ત્રણ જુદા જુદા બનાવોમાં ચાર જણાના મોતને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. જ્યારે એક ઈજાગ્રસ્તને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ લીમખેડા તાલુકાના વટેડા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૦મી ડિસેમ્બરના રોજ એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલ દાહોદ તાલુકાના નઢેલાવ ગામે પટેલ ફળિયામાં રહેતાં દિનેશભાઈની મોટરસાઈકલને અડફેટમાં લેતાં દિનેશભાઈ અને તેમની સાથે મોટરસાઈકલની પાછળ બેઠેલ લીલાબેન બંન્ને મોટરસાઈકલ સાથે જમીન પર ફંગોળાયાં હતાં. જેને પગલે બંન્નેને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવતાં જ્યાં સારવાર દરમ્યાન દિનેશભાઈનું મોત નીપજ્યું હતું. આ સંબંધે નઢેલાવ ગામે પટેલ ફળિયામાં રહેતાં શનુભાઈ નારસીંગભાઈ મંડોડે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ લીમખેડા તાલુકાના ઉમેદપુરા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૭મી નવેમ્બરના રોજ લીમખેડા તાલુકાના બાંડીબાર ગામે લબાના ફળિયામાં રહેતાં યોગેશકુમાર મુકેશભાઈ લબાનાએ પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી મોટરસાઈકલ સ્લીપ ખવડાવી દેતાં મોટરસાઈકલની પાછળ બેઠેલ બાબુભાઈ ઉદેસીંગભાઈ લબાનાને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતા. જ્યાં સારવાર દરમ્યાન બાબુભાઈનું મોત નીપજતાં આ સંબંધે બાંડીબાર ગામે લબાના ફળિયામાં રહેતાં સુરેન્દ્રકુમાર ઉદેસીંગભાઈ લબાનાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો ત્રીજો બનાવ દાહોદ તાલુકાના રામપુરા ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૨૧મી ડિસેમ્બરના રોજ એક કન્ટેઈનર ટ્રકના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાં મોટરસાઈકલ લઈ રસ્તાની સાઈડમાં ઉભેલા દાહોદ તાલુકાના જેકોટ ગામે રહેતાં વજેસીંગભાઈ તથા શાંતીલાલભાઈને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં બંન્નેના ઘટના સ્થળ પર મોત નીપજયાં હતાં. ઘટનાને પગલે કન્ટેઈનર ટ્રકનો ચાલક પોતાના કબજાની ટ્રક લઈ નાસી જતાં આ સંબંધે દાહોદ તાલુકાના જેકોટ ગામે રહેતાં રાયસીંગભાઈ દીપસીંગભાઈ ચૌહાણે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ વિસ્તારમાં સૈનિક સ્કૂલ શરૂ કરવા સાંસદે રક્ષા મંત્રી ને રજૂઆત કરી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના સાંસદ દ્વારા શિયાળુ સત્રમા વિસ્તારના વિવિધ પ્રશ્નો વિશે સંબંધિત મંત્રીઓને રજૂઆતો કરી છે. ત્યારે દેશના રક્ષા મંત્રીને રૂબરૂ મળી દાહોદમાં સૈનિક સ્કૂલ ખોલવા રજૂઆત કરી હતી. અગાઉ પણ દાહોદના સાંસદ દ્વારા અનેક મંત્રીઓને મળી દાહોદ ના વિકાસ માટે ઘણી ખરી રજૂઆત કરવામાં આવી હતી.

દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર અગાઉ દાહોદ ઈન્દોર પરિયોજના તેમજ રળ રેડીયો ની સુવિધા મળી રહે તે માટે જે તે વિભાગના મંત્રીઓને રૂબરૂ મળી સુવિધા પૂરી પાડવા માટે માંગ કરી હતી. જેમા સંબંધિત વિભાગ દ્વારા હકારાત્મક પ્રતિભાવ મળતાં વિસ્તારના વિકાસની દિશા ઉજ્જ્વળ બની છે. ત્યારે સાંસદ દ્વારા રક્ષા મંત્રી રાજનાથસિંહની રૂબરૂ મુલાકાતે પહોંચ્યા હતા અને દાહોદમાં સૈનિક સ્કૂલ ખોલવા માટે લેખિત રજૂઆત કરી હતી. સાંસદ દ્વારા જણાવ્યા અનુસાર દાહોદ જિલ્લો એક મહત્વકાંક્ષી જિલ્લો છે અને દાહોદ શહેર સ્માર્ટ સિટીમાં સમાવિષ્ટ છે દાહોદ જિલ્લામાંથી મોટાભાગે લોકો દેશની રક્ષા કાજે સેનામાં જોડાયા. છે પોતાની વીરતા અને બલિદાનો માટે દાહોદ જિલ્લાવાસીઓ જાણીતા છે. ગુજરાતમાં માત્ર જામનગર ખાતે જ એક સૈનિક સ્કૂલ આવેલ છે ત્યારે દાહોદના સાંસદ દ્વારા દાહોદ લોકસભા વિસ્તાર માં પણ એક સૈનિક સ્કૂલ ખોલવામાં આવે તે માટે રજૂઆત કરાતા આશા બંધાઈ છે. દાહોદ જિલ્લો આદિવાસી બાહુલય ધરાવતો જિલ્લો છે અને તેમાં શિક્ષણ ખાસ મહત્વનું બની રહ્યું છે. ત્યારે દાહોદ જિલ્લામાંથી મોટા પ્રમાણમાં યુવાનો તેનામાં જાય તેવા હેતુસર સાંસદ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.અત્રે ઉલ્લેખનિય છે કે દાહોદ મા જ કેન્દ્રીય વિદ્યાલય સફળ રીતે ચાલી રહી છે ત્યારે જો સૈનિક સ્કૂલ શરૂ થાય તો વિસ્તારના આદિવાસી બાળકોને તેનો વિશેષ લાભ થઈ શકે તેમ છે.

# દે.બારીયા શહેરની ઈન્ડીયન ગેસ એજન્સીના કર્મીઓની ગેરરીતિ કોણ રોકી શકશે...?

દે.બારીયા,

દે.બારીયા શહેર અને તાલુકાની જનતા માટે ઘણા વર્ષોની તપસ્યા બાદ ઈન્ડીયન ગેસ એજન્સી મળી શકી હતી. પંથકની આમ જનતાને બળતણના મુશ્કેલી ના આવે તેથી ગેસ બોટલ મળી રહે ૨૪ કલાકની બુકીંગ સેવા કાર્યરત ઈન્ડીયન ગેસ કાર્યરત કરી છે. તેમજ ગેસ ઉપભોગતાને તેનો ગેસ બોટલ રસોડા સુધી પહોંચી જાય. આજે ગેસ ઉપભોગતાઓ ત્રણ-ચાર દિવસ સુધી ગેસ બોટલ મળતા નથી કારણ દે.બારીયા પ્રયોસા ગેસ એજન્સીના બોટલ સ્થળ સુધી આપવા માટે જનતા કર્મી બ્લેકનો કારોબજાર શરૂ કરી દીધો છે. એક બોટલના એક હજાર રૂપીયામાં બીજાને વેચી મારતા હોય છે. અન્યના બુકીંગના ઉપર ગ્રામીણના ઉજજવલા યોજના લાભાર્થીઓ તો બોટલ લેવા માટે આવતા નથી. ઉજજવલા યોજનાના બોટલ વેચી દીધા છે. તેવું જનતામાં ચર્ચાઈ રહ્યું છે. કારણ ગેસ બોટલ લેવાના તેમની પાસે પૈસાનો અભાવ હોવાના કારણે તે આ યોજનાના બોટલોનું બ્લેક થઈ રહ્યું છે. આ માટે ઈન્ડીયન ગેસ કંપની ઉડી તપાસ કરે તો ઘણું બહાર આવે તો નવાઈ નહી.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા તાલુકાની પ્રયોશાટ ઈન્ડીયન ગેસ એજન્સી કાર્યરત છે. તેના બોટલ ઈશ્યુ કરતા કર્મીઓના દ્વારા બોટલ જે વધારે રૂપીયા આતે તેને બોટલ આપતા હોય છે. જેનું બુકીંગ થઈ ગયું છે અને ૨૪ કલાક વિતીયા બાદ પણ ગેસ બોટલ ઘરેલું ઉપભોગતાને બોટલ આપવા માટે બહાના બાજી કરતા હોય છે અને જેને ખરેખર કોર્મશીયલ બોટલ વાપરવાનો હોય તેને ઘરેલું બોટલ બ્લેકમાં આપી દેવાતું હોય છે. કારણ હોટલ અને મેસના ગ્રાહકોને આ ઘરેલું બોટલ એક હજારમાં પણ સસ્તું પરવડે છે. આ ફૂલો ફાલ્યો ધંધો લાગતા વળગતા પુરવઠા વિભાગના પદના અધિકારીની નાક લીટી થળે થઈ રહ્યું છે. તો આપણા માનનિય વડાપ્રધાન એ કલ્પના કરતા હોય છે કે, ઉસ માં કી તબિયત કા કયા હાલ હોતા હોગા ઔર ઉસ ઘર મેં છોટે છોટે બચ્ચે ઉસ ધૂએ કે અંદર કૈસે ગુજારા કરતે હોગે , આ વાતના કારણે આપણા માનનિય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઘણું દુઃખદાઈ લાગી આવતા તેમણતે મનોમનમાં નિશ્ચિત કરી લીધું હતું કે, ગરીબોના ઘરમાં ગેસનો બોટલ કે ના હોય શકે ? તેના કારણે ઉજજવલા યોજના બહાર પાડી હતી.

# ઝાલોદની જાફરાપુરા ગ્રામ પંચાયત ચૂંટણી સબંધે મારામારી કરતાં ૭ ઈસમો સામે ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના જાફરપુરા ગામે ગ્રામ પંચાયતની ચુંટણી સંબંધે સાત જેટલા ઈસમોએ એકસંપ થઈ ગેરકાયદે મંડળની બનાવી મારક હથિયારો સાથે ઘસી આવી મહિલા સહિત છ જેટલા વ્યકિતઓને ઈજાઓ પહોંચાડી મારી મારી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા.૨૨મી ડિસેમ્બરના રોજ જાફરપુરા ગામે રહેતાં રાકેશભાઈ છગનભાઈ ડામોર, નવનીતભાઈ પુંજાભાઈ મછાર, બળવંતભાઈ દામાભાઈ મછાર, કલ્પેશભાઈ મકનાભાઈ ડામોર, મનસુખભાઈ સામાભાઈ ડામોર, સુનીલભાઈ વકતાભાઈ ડામોર અને રસુભાઈ છગનભાઈ ડામોરનાઓએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે લાકડીઓ, પથ્થરો, કુહાડી જેવા મારક હથિયારો સાથે ગામમાં રહેતાં દિવ્યાબેન પ્રકાશબાઈ ડામોરના ઘર તરફ ઘસી આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમો કેવી રીતે જીત્યાં, આજે તમો બચી ગયાં છો હવે પછી જીવતાં છોડવવાના નથી, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ પથ્થર મારો કરી તેમજ કુહાડીની મુદર મારી રંજનબેન, જબુડીબેન, દિનેશભાઈ, વિરકાભાઈ અને લસુભાઈને માર માર શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવ્યું હતું.

આ સંબંધે દિવ્યાબેન પ્રકાશભાઈ ડામોરે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદમાં આમ આદમી પાર્ટી દ્વારા આસિત વોરાનું રાજીનામાની માંગ સાથે કલેકટરને આવેદન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ગુજરાતમાં હેડ ક્લાર્કનું પેપર લીક થવાના મામલે ગુજરાત આમ આદમી પાર્ટી દ્વારા ભાજપના કમલમ કાર્યાલય ખાતે પહોંચી અને ગૌણ સેવા સમિતિના અદયક્ષ આસિત વોરાને પદ પરથી હટાવવા માટે આમ આદમીના કાર્યકર્તાઓ કમલમ ખાતે વિરોધ કરવા માટે પહોંચ્યાં હતાં અને ત્યાં આપ અને ભાજપના કાર્યકર્તાઓ વચ્ચે ઝપાઝપી થતાં મામલો બિચક્યો હોવાની પણ ચર્ચાઓ જોગી હતી. ઘટના સ્થળે દોડી ગયેલ પોલીસે આપના પ્રદેશ નેતા હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓની ભાજપની મહિલાઓની છેડતી મુદ્દે ધરપકડ કરી હતી. તેને લઈને આજે ગુજરાત ભરમાં આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ નોંધાવી અને ગૌણ સેવા સમિતિના અદયક્ષ આસિત વોરાનું રાજીનામુ માંગવાની માંગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપી ઉપવાસ ઉપર બેસવા માટેનો કાર્યક્રમ બનાવવામાં આવ્યો હતો, પરંતુ દાહોદમાં આમ આદમીના કાર્યકર્તાઓ ઉપવાસ ઉપર બેસે તે પહેલાજ પોલીસે તેમને ત્યાંથી અટકાયત કરી પોલીસ મથકે ભરીને લઈ જવામાં આવ્યાં હતાં અને પોલીસે ૧૫ જેટલાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓની અટકાયત કરી હતી જો કે, આમ આદમી પાર્ટીના મહામંત્રી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, અમે પોલીસ મથકમાં પણ આખો દિવસ ઉપવાસ ઉપરજ બેસવાના છે અને પોલીસ મથકે પણ અમારો ઉપવાસ આંદોલન ચાલુ રહેશે.

# પંચમહાલ કોંગ્રેસ દ્વારા વિવિધ મુદ્દાને લઈ રેલી કાઢી જીલ્લા કલેકટરને આવેદન આપ્યુ



ગોધરા,

પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગોધરા ખાતે હેડ કલાર્કની સ્પર્ધાત્મક પરીક્ષાનું પેપર ફૂટી જવા ઘોઘંબા તાલુકાના રણજીત નગરમાં ગુજરાત ફલોરા કંપનીમાં સાત કામદારોના મૃત્યુની ગંભીર ઘટના અને પંચમહાલ જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયામાં જવાબદાર તંત્ર ન્યાયપૂર્ણ વર્તે જેવા વિવિધ મુદ્દાઓ સાથે મહામહિમ રાજયપાલ અને ઈલેકશન કમિશનર ભારતને રજૂઆત કરતું આવેદનપત્ર રેલી સ્વરૂપે નીકળી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ અજીતસિંહ ભાટીના નેતૃત્વમાં તથા ગોધરા તાલુકા પ્રમુખ આર.એન.પટેલ, ગોધરા શહેર પ્રમુખ સિદ્દીક ડેની પંચમહાલ જિલ્લાના કલેકટરને વિવિધ મુદ્દે ન્યાય મળવામાં માંગ કરવામાં આવેલ હતી. જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં કોંગ્રેસ આગેવાનો તાલુકા શહેર પ્રમુખ જિલ્લા હોદ્દેદારો પૂર્વ ધારાસભ્યો માજી મંત્રી સેલ ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશનના આગેવાનો શુભેચ્છકો ખૂબ જ મોટી સંખ્યામાં જોડાયા હતા અને પ્રજાના પ્રશ્ને આક્રોશ સાથે તંત્રને રજૂઆત થઇ હતી.

# દાહોદ શહેરમાંથી ત્રણ બાઈકોની ચોરી થતાં ચકચાર

દાહોદ,

દાહોદ શહેરમાં એક સાથે એક રાત્રીમાં ત્રણ મોટરસાઈકલોની ઉઠાંતરી થતાં શહેરમાં ચકચાર મચી જવા પામી છે. દાહોદ શહેરના જુદા જુદા વિસ્તારમાંથી મોટરસાઈકલ ચોરી થઈ છે. મોટરસાઈકલ ચોરીનો પ્રથમ બનાવ દાહોદ શહેરના રામનગર ગોદીરોડ ખાતે બનવા પામ્યો હતો જેમાં આ વિસ્તારમાં રહેતાં કિશોરભાઈ ભીમજીભાઈ જાદવની મોટરસાઈકલ, દાહોદ શહેરમાં રહેતાં અગ્રવાલ હિતેશભાઈ ચુનાભાઈ અને પ્રકાશભાઈ મકનભાઈ ગોહીલની મોટરસાઈકલ રાત્રીના કોઈ પણ સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ગત તા.૨૦મી ડિસેમ્બરના રોજ મોટરસાઈકલોનું લોક તોડી ત્રણેય મોટરસાઈકલ ચોરી કરી લઈ નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. આ સંબંધે કિશોરભાઈ ભીમજીભાઈ જાદવે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરવની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ LCB પોલીસે પીપલોદ ટોલનાકા પાસેથી રૂા.૨૬,૩૦,૧૪૫/- નો અફીણના ઝીંડવા ઝડપાયા



દાહોદ,

દાહોદ એલસીબી પોલીસે પીપલોદ ટોલ નાકા પાસેથી આઈસર ટેમ્પામાથી રૂ.૨૬૩૦૧૪૫/- ની કિંમતના અફીણના ઝીંડવા ઝડપી પાડી સાથે એક ઈસમને ઝડપી પાડ્યો હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે.

પ્રાપ્ત વિગત અનુસાર, દાહોદ એલસીબી પોલીસ, ગતરોજ રાત્રીના સમયે પીપલોદ પોલીસ સ્ટેશન વિસ્તારમા આવેલ ભથવાડા ટોલ નાકા ઉપર વાહન ચેકીંગમા હતા. તે દરમ્યાન રાત્રીના સવા નવ વાગ્યાના અરસામા એક બ્રાઉન કલરનો આરજે-૧૯-જીઇ- ૯૨ ૧૩ નંબરનો આઈસર ટેમ્પો આવતા, પોલીસના આ ટેમ્પો શંકાસ્પદ લાગતા પોલીસે આ ટેમ્પાને રોકાવી તેમાં તપાસ કરતા, પોલીસને આ આઈસર ટેમ્પામાથી લીલા શાકભાજીની આડમા નીચેના ભાગે વિવિધ કલરની પ્લાસ્ટીકની થેલીઓમા ભરી રાખેલ અફીણના ઝીંડવા - પોષડોડા મળી આવ્યા હતા. જેથી દાહોદ એલસીબી પોલીસે રૂ. ૨૬૩૦૧૪૫/- ની કિંમતના કુલ ૮૭૬.૭૧૫ કિલો વજનના અફીણના ઝીંડવા તથા આયસર ટેમ્પો મળી કુલ રૂ. ૩૨૩૫૧૪૫/- નો મુદ્દામાલ કબ્જે કરી બિકાનેર, રાજસ્થાનના શિવરાજ શ્રાવણરામ ભાદુ નામના ઈસમને મુદ્દામાલ સાથે ઝડપી પાડી તેના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પાંચ વર્ષમાં અમેરિકા જેવા હશે ઉત્તરપ્રદેશના માર્ગો : કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીનું વચન




જૌનપુર,

કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ ઉત્તરપ્રદેશના માર્ગો અમેરિકા જેવા કરવાનું વચન આપ્યું છે.મંત્રી નિતિન ગડકરીએ જૌનપુર જીલ્લાના મછલીશહેરમાં લોકાર્પણ કાર્યક્રમમાં કહ્યુ કે પાંચ વર્ષની અંદર ઉત્તરપ્રદેશના માર્ગો અમેરિકા જેવા થશે તેમણે કહ્યું કે હું વચન પથ્થરની લકીર છે આવનારા પાંચ વર્ષની અંદર ઉત્તરપ્રદેશના માર્ગો યુરોપીય માનક જેવા નહીં પરંતુ અમેરિકાની બરાબર બનશે.

કેન્દ્રીય મંત્રી ગડકરીએ કહ્યું કે તમે એકવાર ફરી ડબલ એન્જીનની સરકાર બનાવી દો આવનારા પાંચ વર્ષમાં હું પાંચ લાખ કરોડ રૂપિયાના કામ ઉત્તરપ્રદેશમાં કરીને બતાવીશ.હું તે નેતાઓમાં નથી જે ખોખલા વચનો આપે છે જે બોલીશ તે ડંકાની ચોટ પર કરીશ અને સાત વર્ષમાં જે પણ કહ્યું છે તે પુરૂ કરીને બતાવ્યું છે.

અહીં મછલીશહેર ખાતે ફૌજદાર ઈટર કોલેજમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સાથે ૧૫૦૦ કરોડ રૂપિયાની પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો આ કાર્યક્રમમાં ગડકરીએ લોકોને આવનારી વિધાનસભા ચુંટણીમાં ભાજપની બીજીવાર સરકાર બનાવવાનું આહ્વાન કર્યું અને કહ્યું કે પાંચ વર્ષની અંદર ઉત્તરપ્રદેશના માર્ગો અમેરિકા જેવા થશે

ગડકરીએ અયોધ્યામાં શ્રીરામ જન્મ ભૂમિ મંદિરના નિર્માણને લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની પ્રશંસા કરતા કહ્યું કે અયોધ્યાને સંપૂર્ણ દેશથી જોડનાર આવા એકસપ્રેસ વે અને રાજ માર્ગ બનાવવા આવશે જે અમેરિકાના માર્ગોને પણ ફેલ કરી દેશે. તેમણે કહ્યું કે અયોધ્યાથી ચિત્રકુટ સુધી ૨૯૮ કિલોમીટરનો રામ વન ગમન માર્ગ ૫૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણાધીન છે.

ગડકરીએ કિસાનોને અન્નદાતાની જગ્યાએ ઉર્જાદાતા બનાવવા પર ભાર આપતા કહ્યું કે મેં મારૂ જીવન કિસાનો માટે સમર્પિત કર્યું છે.મારા ક્ષેત્રમાં દસ હજાર કિસાનોએ આત્મહત્યા કરી અમે મેં નક્કી કર્યુ છે કે આ પરિસ્થિતિને બદલીશ. હું ૨૦૦૭થી કહી રહ્યો છું કે આપણા કિસાન ઉર્જાદાતા બને આજે ઉત્તરપ્રદેશનો કિસાન ખાંડ મિલોમાં ઈથેલોન તૈયાર કરી રહ્યો છે. તેમણે કહ્યું કે આજે તમારી સામે જાહેરાત કરૂ છું કે આવનારા ત્રણ મહીના બાદ ટોયોટા સુજુકી હુડી મર્સિડીઝ અને બીએમડબ્લ્યુ બધી ગાડીઓ ફલેકસ એન્જીન બનાવવામાં આવશે ફલેકસ એન્જીનનો અર્થ ૧૦૦ ટકા પેટ્રોલ નાખો કે ૧૦૦ ટકા ઈથેલોન નાખો ગાડી ચાલશે. હવે પેટ્રોલથી નહીં ઉત્તરપ્રદેશના કિસાનો દ્વારા તૈયાર બાયો ઈથેનોલ થી આપણી ગાડીઓ ચાલશે ઓટો રિકશા ચાલશે હવે કિસાન અન્નદાતકા નહીં ઉર્જાદાતા બનશે.

મુખ્યમંત્રી યોગીની પ્રશંસા કરતા કહ્યુ કે જયારે પ્રદેશમાં ભાજપની સરકાર ન હતાં તો પરિસ્થિતિ કેવી હતી તેમને બતાવવાની જરૂર નથી પરંતુ રાજયને ગુંડારાજથી મુક્તિ અપાવી યોગી આદિત્યનાથે સુશાસનની સ્થાપના કરી તેમણે કહ્યું કે મહાત્મા ગાંધીજીએ જે રામરાજયની પરિકલ્પના કરી હતી આ તેજ રામરાજય છે. વંશવાદ પર હુમલો કરતા તેમણે કહ્યું હતું કે વંશવાદની સ્થિતિ હતી કે વડાપ્રધાનના પેટથી વડાપ્રધાન પેદા થશે,એમપીના પેટમાંથી એમપી અનો ધારાસભ્યના પેટમાંથી ધારાસભ્ય પેદા થશે પરંતુ આ વંશવાદ પરિવારવાદને સમાપ્ત કરવાનું કાર્ય ભાજપે કર્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.104

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ઝાલોદના આંબા ગામેથી

# નકલી નોટોનો પર્દાફાશ : ૬ લાખથી વધુની ડુપ્લિકેટ નોટો ઝડપાઈ

દાહોદ,

દાહોદ જિલ્લાની ઝાલોદ તાલુકાની લીમડી પોલીસે સ્થળ ઉપરથી વિક્રમ મુનીયાને ઝડપી પાડી તેમજ રાજસ્થાન પોલીસએ એક આરોપી ઝડપેલ હોય કુલ બે આરોપી ઝડપી પાડયા હતા. આ નકલી નોટો કેટલા સમયથી બનાવતા હતા. તેમજ આવી કેટલી નોટો બજારોમાં ફરી રહી છે તે દિશામાં વધુ તપાસ હાથ ધરાઈ છે.

રાજયના મોટા શહેરોને છોડી ડ્રગ્સ, નકલી દારૂ હોય કે પછી નકલી નોટો હવે ગ્રામ વિસ્તારમાં ગુનેગારો પોતાના અડ્ડાઓ બનાવી રહ્યા છે. હજી દાહોદના છાપરીમાંથી નકલી દારૂ બનાવાની મીની ફેકટ્રી ઝડપાવાની શાહી સુકાઈ નથી. ત્યાં તો ઝાલોદ તાલુકાના આંબા ગામના ઘુસણીયા ફળીયામાંથી નકલી નોટો બનાવવાના સાધનો સાથે ૬ લાખથી વધુની નકલી



નોટો પકડી પાડવામાં આવી છે. આમ, લીમડી પોલીસ અને રાજસ્થાન પોલીસને મોટી સફળતા મળી છે.

બનાવની વિગત વાર વાત કરીએ, તો ગુજરાતને અડીને આવેલ રાજસ્થાન બોર્ડરના અથણીયા પોલીસ મથકની હદમાં આવેલ એક હોટલમાં પરમેશ્વર પાટીદાર હોટલમાં જમવા ગયેલ અને જમ્યા પછી હોટલ માલિકને બીલ પેટે ૪૦૦ રૂપીયા આપેલ. જે હોટલ માલિકને નોટો જોતા આરોપીને માલુમ ન પડે તે રીતે અથણીયા પોલીસને જાણ કરતા પોલીસએ નોટ આપનાર પરમેશ્વરને નાકા બંદી કરી ઝડપી પાડેલ હતો. ત્યાર બાદ વધુ પુછપરછ કરતા આ નોટો ગુજરાતના દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના આંબા ગામના ઈસમ પાસેથી લાવ્યા હોવાનું બહાર આવતા રાજસ્થાન પોલીસએ દાહોદ જીલ્લાના લીમડી પોલીસને સંપર્ક કરતા લીમડી પોલીસએ ગુન્હાની ગંભીરતા દાખવી હતી. અને સત્વરે રાજસ્થાન પોલીસ સાથે સંયુકત રીતે આંબા ગામે ઘુણસીયા ફળીયામાં રેહતા વિક્રમ મુનીયાના ઘરે છાપો મારતા પોલીસને તેના ઘરેથી પ્રિન્ટર નં ૧ પ્રિન્ટરના કારટીસ ૧૦ થી વધુ ૬ લાખથી વધુની ૨૦૦૦, ૫૦૦, ૨૦૦, ૧૦૦ની નકલી નોટો તેમજ નોટ સાઈઝ નામ કટીક કરેલ પેપર એક બોક્સ મળી આવતા એક સમય માટે પોલીસ પણ ચોકી ઊઠી હતી.

લીમડી પોલીસે સ્થળ ઉપરથી વિક્રમ મુનીયાને ઝડપી પાડી તેમજ રાજસ્થાન પોલીસે એક આરોપી ઝડપેલ હોય કુલ બે આરોપી ઝડપી પાડયા હતા. આ નકલી નોટો કેટલા સમયથી બનાવતા હતા. તેમજ આવી કેટલી નોટો બજારોમાં ફરી રહી છે. તે દિશામાં વધુ તપાસ પી.એસ.આઇ હિમ્મત ભુલકા (રાજસ્થાન પોલીસ) તેમજ પી.એસ.આઇ એમ.એલ.ડામોર લીમડી પોલીસ મથકનાઓ કરી રહ્યા છે. જયારે એક વધુ આરોપી જે પોલીસ રેડ જોઈને ભાગી જવામાં સફળ રહેલ તેને ઝડપથી પાડવા ચક્રો ગતિમાન કરેલ છે.

આમાં ઉલ્લેખનીય છે કે, નોટબંધી બાદ કોરાનાકાળ પછી ધંધા રોજગાર ઉપર માઠી અસર જોવા મળેલ છે. ત્યારે રાતોરાત પૈસાદાર થવાની ઘેલચ્છા રાખનાર દેશના અર્થતંત્ર ઉપર સીધી અસર થાય તેવા શોર્ટકટ અપનાવા ખચકાતા નથી.

ઝાલોદની આંબા ગામે ઘુસણીયા ફળિયામાં રહેતા વિક્રમ મુનીયાભાઈ ના ઘરે છોપો માર્યો હતો. આરોપીના ઘરેથી પ્રિન્ટર તેમજ રૂ.૬ લાખ થી વધુ ૨૦૦૦, ૫૦૦, ૨૦૦, ૧૦૦ રૂપિયાની નકલી નોટો તેમજ નોટ સાઈઝનું કટિંગ કરેલ પેપરોનું બોક્સ જપ્ત કરવામાં આવ્યા હતાં.

રાજસ્થાન બોર્ડરના અથણીયા પોલીસ મથકની હદમાં આવેલ પરમેશ્વર પાટીદાર હોટલમાં જમવા ગયેલ આરોપીએ જમ્યા પછી હોટલના માલિકને બીલ પેટે ૪૦૦ રૂપિયા આપ્યા હતા. નોટો જોતા હોટલ માલિકને નકલી નોટો હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી પોલીસને જાણ કરતાં હોટલ ખાતે થી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો.

### રાજસ્થાન બાંસવાડા પોલીસ

રાજસ્થાન બાંસવાડા પોલીસ પરમેશ્વર હોટલ ખાતેથી એક ઈસમને નકલી નોટો સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. ઝડપેલ આરોપીને પકડીને ઝાલોદના આંબા ગામે લઈ જઈ તપાસ કરી હતી અને એ ઈસમોએ ૬ લાખની નકલી નોટો અને પ્રિન્ટર સહિત નો સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. એક આરોપી નાસી છુટ્યો હતો. અગાઉ પણ 3000 રૂપિયાની નકલી નોટો ઝડપાઈ હતી.

# પંચમહાલ જીલ્લાના ૭ તાલુકાની ગ્રામ પંચાયતોમાં વિજેતા સરપંચો

### ગોધરા તાલુકાની ગ્રામ પંચાયતના વિજેતા થયેલ સરપંચો

| ગામ | - | સરપંચ |
|---|---|---|
| અંબાલી | - | ડાહ્યાભાઈ ગાંગાભાઈ વણકર |
| અછાલા | - | મંજુલાબેન વિરેન્દ્રભાઈ નાયકા |
| આંગળીયા | - | અર્પિતાબેન રમેશભાઈ પસાયા |
| એરંડી | - | સુશીલાબેન નરવતસિંહ બારીયા |
| ઓરવાડા | - | પિન્કેશકુમાર શંકરભાઈ પટેલ |
| કંકુથાંભલા | - | ધર્મિષ્ઠાબેન મનોજભાઈ બારીયા |
| કણજીયા | - | જશવંતસિંહ રણજીતસિંહ પટેલ |
| કબીરપુર | - | રામાભાઈ બીજલભાઈ નાયક |
| કરસાણા | - | કમળાબેન રમેશભાઈ પરમાર |
| કોટડા | - | નિરમબેન રમણસિંહ ડામોર |
| ખજુરી (નદીસર) | - | ભલાભાઈ માનાભાઈ નાયકા |
| ગઢ ચુંદડી | - | પ્રિતીબેન મનોજકુમાર પટેલ |
| ગોઠડા | - | નિરાલીબેન છગનભાઈ પારગી |
| ગોલ્લાવ | - | કોકીલાબેન સમસિંહ પરમાર |
| ગોવિંદી | - | શ્રુતીબેન યાજ્ઞિકકુમાર બારીયા |
| ધનોલ | - | અલ્પાબેન સંજયકુમાર પટેલ |
| ધોળી | - | રેશમબેન નરવતસિંહ નાયકા |
| ચંચેલાવ | - | રેવાબેન અરવિંદભાઈ |
| ચાંચપુર | - | શોભનાબેન રાઠોડ |
| છબનપુર | - | રાજીબેન લાભુભાઈ ગઢવી |
| છારીયા | - | હીરાભાઈ ચંદ્રસિંહ રાઠવા |
| છાવડ | - | જશવંતભાઈ લક્ષ્મણભાઈ નાયક |
| જાલીયા | - | રેખાબેન પંકજકુમાર પરમાર |
| જીતપુરા | - | સવિતાબેન કાળુભાઈ પટેલ |
| જોડકા | - | નયનકુમાર રાજેશભાઈ ચૌહાણ |
| ટુવા | - | અશોકભાઈ રમેશભાઈ રાઠવા |
| તળાવ મુવાડા | - | કંચનબેન મહેશકુમાર બારીયા |
| તાજપુર (છીપા) | - | પ્રતાપસિંહ ફતેસિંહ પટેલ |
| તોરણા | - | સુરતાબેન શૈલેષકુમાર પરમાર |
| થાણાગર્જન | - | હંસાબેન જીતેન્દ્રભાઈ પટેલ |
| દયાળ | - | રમેશભાઈ ધુળાભાઈ ડામોર |
| દરૂણીયા | - | નિલીબેન કાનસિંગભાઈ રાઠવા |
| દહીકોટ | - | કાશીબેન મગનભાઈ પટેલ |
| નદીસર | - | કાળુભાઈ ચુનાભાઈ નાયક |
| નવાધરા | - | કોકિલાબેન મકનસિંહ પરમાર |
| નસીરપુર | - | રાયલીબેન માવલાભાઈ સંગાડા |
| નાનીકાંટડી | - | રોહિતભાઈ ગોપાલભાઈ પટેલીયા |
| પઢીયાર | - | હરેન્દ્રસિંહ રામસિંહ રાઉલજી |
| પરવડી | - | લીલાબેન સંજયભાઈ પટેલ |
| પોપટપુરા | - | સુલતાનાબીબી ઈરફાનભાઈ કેસરી |
| બામરોલી (ખુર્દ) | - | કોકિલાબેન ભારતભાઈ બારીયા |
| બેટીયા | - | નયનાબેન લક્ષ્મણભાઈ પરમાર |
| બોડીદ્રા બુઝર્ગ | - | નંદુબેન પ્રવિણકુમાર ચૌહાણ |
| ભલાણીયા | - | દક્ષાબેન રાજેશકુમાર રાઠોડ |
| ભામૈયા (પ) | - | દિવ્યાબેન વિશ્વજીતસિંહ રાઠોડ |
| ભામૈયા (પૂર્વ) | - | ઉજલીબેન છગનભાઈ બારીયા |
| મડા મહુડી | - | સંગીતાબેન સંજયભાઈ તડવી |
| મહુલીયા | - | અનોપસિંહ અભેસિંહ પટેલ |
| મહેલોલ | - | નરેશકુમાર શનાભાઈ હરિજન |
| મોતાલ | - | કૈલાશબેન અજયકુમાર સોલંકી |
| મોરડુંગરા | - | રમીલાબેન અર્જુનભાઈ રાવળ |
| રણછોડપુરા | - | ગુલાબભાઈ ટીનાભાઈ સરાણીયા |
| રતનપુર (કાંટડી) | - | દશરથભાઈ કશનાભાઈ નીરૂલા |
| રામપુરા(જોડકા) | - | દિનેશભાઈ રૂમાલભાઈ રાઠવા |
| રાયસીંગપુરા | - | કમલેશકુમાર કાંતિલાલ પરમાર |
| રીંછરોટા | - | હિતેન્દ્રકુમાર મીઠાભાઈ પરમાર |
| લીલેસરા | - | કરીમુન્નીશા મોબીન ગોરા |
| વટલાવ | - | પ્રવિણકુમાર પરમાર |
| વડેલાવ | - | ચંપાબેન દિનેશભાઈ બારીયા |
| વણાંકપુર | - | સિરાજહાજી યુસુફ દોલતી |
| વાંસીયા | - | રાજેન્દ્રકુમાર નાગરભાઈ પટેલ |
| વાવડી બુઝર્ગ | - | મોનીકાબેન ધર્મેન્દ્રસિંઈ! રાઠોડ |
| વાવડી ખુર્દ | - | દરીયાબેન બાબુભાઈ ભુરીયા |
| વિંઝોલ | - | ઉદયસિંહ લક્ષ્મણસિંહ પરમાર |
| વેગનપુર | - | કિરીટકુમાર મહેશભાઈ પટેલીયા |
| સરસાવ | - | વિપુલકુમાર મણીભાઈ પટેલ |
| સાંકલી | - | મોહનસિંહ સોનાભાઈ |
| સારંગપુર | - | નાગજીભાઈ ભલાભાઈ નાયકા |
| હમીરપુર | - | આનંદીબેન પ્રકાશભાઈ બારીયા |
| હરકુંડી | - | સુશીલાબેન માધુભાઈ રાઠવા |

### હાલોલ તાલુકાની ગ્રામ પંચાયતના વિજેતા થયેલ સરપંચો

| ગામ | - | સરપંચ |
|---|---|---|
| અમરાપુરા | - | દેવીકાબેન સંજયકુમાર પરમાર |
| અમરાપુરી | - | લલીતાબેન પિયુષભાઈ બારીયા |
| અરાદ | - | નીલમબેન રવિરાજ અરાદિયા |
| આંબા વાડીયા | - | રાકેશકુમાર ગણપતભાઈ નાયક |
| ઈંટવાડી | - | કોકીલાબેન શૈલેષભાઈ રાઠવા |
| ઈન્દ્રાલ | - | ગીતાબેન રોહિતકુમાર પરમાર |
| ઉજેતી | - | અરવિંદભાઈ જસવંતભાઈ નાયકા |
| કંટેલી | - | ધર્મિષ્ઠાબેન દક્ષેશકુમાર પરમાર |
| કડાચલા | - | રાધાબેન વિનોદભાઈ પરમાર |
| કણજરી | - | યોગેન્દ્રસિંહજી રૂદ્રદતસિંહજી પરમાર |
| કથોલા | - | અરવિંદકુમાર બાટલાભાઈ રાઠવા |
| કાટડીયા | - | શાંતુબેન શૈલેષભાઈ ચારણ |
| કુબેરપુરા | - | વિજયકુમાર જીતસિંહભાઈ બારીયા |
| કોરામૈડા | - | સંજયભાઈ શંકરભાઈ નાયક |
| કોપરેજ | - | કિશોરસિંહ પર્વતસિંહ પરમાર |
| ખરેટી | - | હરીશ ચંદુભાઈ બારીયા |
| ગંભીરપુરા | - | ગીતાબેન વજેતસિંહ સોલંકી |
| ગજાપુરા | - | અનસુયાબેન મહેન્દ્રસિંહ આહીર |
| ગરીયાલ | - | સુનીતાબેન વનરાજસિંહ ચૌહાણ |
| ગોપીપુરા | - | દરીયાબેન રમણભાઈ બારીયા |
| ગોવિદપુરી | - | મંગળભાઈ રયજીભાઈ |
| ધનકુવા | - | રતનસિંહ મનસુખભાઈ |
| ધનસર | - | સુરેશભાઈ વલુભાઈ નાયક |
| ધારા | - | વિદ્યાબેન અરવિંદભાઈ રાઠવા |
| ધોધડવા | - | સરોજબેન રાજુભાઈ રાઠવા |
| છતરડી વાવ | - | ગંગાબેન જશવંતભાઈ રાઠવા |
| છાત તલાવડી | - | સંગીતાબેન અશ્વિનભાઈ રાઠવા |
| જુનીભાટ | - | નેવલીબેન થાવરાભાઈ રાઠવા |
| જેપુરા | - | શારદાબેન જશવંતભાઈ રાઠવા |
| ઝાંખરીયા | - | જીતેન્દ્રસિંહ ગુલાબસિંહ |
| ટાઢોડીયા | - | છત્રસિંહ મનીયાભાઈ નાયક |
| ટીબી | - | અરવિંદભાઈ ભારતભાઈ પરમાર |
| તરખંડા | - | કેશવભાઈ મડાભાઈ નાયક |
| તાડીયા | - | જશોદાબેન વખતસિંહ પરમાર |
| નવાગામ | - | ઉદેસિંહ શંકરસિંહ બારીયા |
| નવીભાટ | - | સંજયભાઈ રામાભાઈ |
| નાથકુવા | - | લીલાબેન શંકરભાઈ રાઠવા |
| નાના મધાની મુવાડી | - | લીલાબેન નરવતભાઈ રાઠવા |
| નાની ઉભરવાણ | - | અંજુલાબેન દિનેશભાઈ રાઠવા |
| નાવરીયા | - | હરીશકુમાર છત્રસિંહ રાઠોડ |
| પાંચખોબલા | - | કૈલાશબેન રોહિતભાઈ બારીયા |
| પાલનપુર | - | રમેશભાઈ ભઈલાલભાઈ તડવી |
| પ્રતાપપુરા | - | શાંતાબેન સુરેશભાઈ નાયક |
| બળીયાદેવ | - | જસ્માબેન મહેશભાઈ નાયક |
| બાપોટીયા | - | કવિતાબેન કનુભાઈ રાઠવા |
| બામણકુવા | - | જયશ્રીબેન વિપુલભાઈ બારીયા |
| બાસ્કા | - | તન્વીરજહાં મહમદ ઝુબેર મકરાણી |
| ભમરીયા | - | અનસુયાબેન યશવંતસિંહ |
| મધાસર | - | હરિશસિંહ ફતેસિંહ રાઠોડ |
| મદાર | - | નરવતસિંહ મનહરભાઈ પરમાર |
| મસવાડ | - | ચંચીબેન રમેશભાઈ રાઠવા |
| માંડવી | - | રેખાબેન વિમલકુમાર રાઠવા |
| મારૂવા | - | પ્રવિણકુમાર ગણપતભાઈ |
| મુલધરી | - | રમેશભાઈ ભીખાભાઈ પરમાર |
| મોટા હાંડીયા | - | મુન્નીબેન અશોકભાઈ |
| મોટી રણભેર | - | મહેન્દ્રકુમાર નાગજીભાઈ બારીયા |
| રવાલીયા | - | મંગરભાઈ ચંદુભાઈ નાયક |
| રાયણવાડીયા | - | જયકુમાર રમણભાઈ પરમાર |
| વડાતળાવ | - | હાજાભાઈ મુળજીભાઈ ચારણ |
| વરસડા | - | સૂર્યકાન્તભાઈ હીરાલાલ શાહ |
| વાકડીયા | - | નરવતભાઈ હરસિંગભાઈ રાઠવા |
| વાઘબોડ | - | મેહુલભાઈ અમરસિંહ |
| વાવ | - | વિક્રમભાઈ અમરસિંહ નાયક |
| વિરોજ | - | દિનેશભાઈ ખુમાનભાઈ નાયક |
| શિવરાજપુર | - | ભાવનાબેન રાજેશભાઈ હરિજન |
| શિવરાજપુર (માઈન્સ) | - | સુરેખાબેન છત્રસિંહ બારીયા |
| સાથરોટા | - | માધુભાઈ નુરસીંગભાઈ રાઠવા |
| સીંગપુર | - | કુસુમબેન ચંપકભાઈ રાઠવા |
| સુરા સુલતાનપુરા | - | મંજુલાબેન અરવિંદભાઈ નાયક |
| સોનીપુર | - | રંગીતભાઈ છગનભાઈ નાયક |
| હડબીયા | - | લીલાબેન જયંતિભાઈ નાયક |

### ઘોઘંબા તાલુકાની ગ્રામ પંચાયતના વિજેતા થયેલ સરપંચો

| ગામ | - | સરપંચ |
|---|---|---|
| પરોલી | - | ગણપતભાઈ ચીમનભાઈ નાયકા |
| અદેપુર | - | જનકીબેન મુસલાભાઈ રાઠવા |
| આંબાખુટ | - | પ્રતાપભાઈ ભીલુભાઈ રાઠવા |
| આંબાખુટ( કાતપુરા) | - | મીનાબેન અર્જુનભાઈ રાઠવા |
| ઉંચાબેડા | - | ઉદેસીંગભાઈ હીરીયાભાઈ રાઠવા |
| ઊંડવા | - | સમધીબેન ફીપસીંગભાઈ રાઠવા |
| કંકોડકુઈ | - | હિરાભાઈ ભલીયાભાઈ રાઠવા |
| કણબીપાલ્લી | - | દક્ષાબેન દિલીપસિંહ સોલંકી |
| કાંટાવેડા | - | પ્રીતીબેન શિવજીભાઈ નાયકા |
| કાંટુ | - | હિતેશભાઈ રમેશભાઈ રાઠવા |
| કાલસર | - | કમતિબેન સુરસિંહ રાઠવા |
| ખડપા | - | રમીલાબેન શનાભાઈ રાઠવા |
| ખરખડી | - | પ્રવિણભાઈ રામસીંગભાઈ રાઠવા |
| ખાનપાટલા | - | સમરતબેન રણજીતસિંહ બારીયા |
| ખીલોડી | - | હિરાભાઈ દલસુખભાઈ પટેલ |
| ગજાપરા (કાંટુ) | - | સુખીબેન ગુલાબસિંહ પટેલ |
| ગમાણી | - | ગુંજલીબેન ગજરૂભાઈ રાઠવા |
| ગમીરપુરા | - | ચીમળીબેન બલીયાભાઈ રાઠવા |
| ગરમોટીયા | - | મનીષાબેન પંકજકુમાર રાઠવા |
| ગલીબીલી | - | રમીલાબેન વર્તાનભાઈ રાઠવા |
| ગુંદી | - | સુર્યાબેન જીગ્નેશભાઈ બારીયા |
| ગુણેશીયા | - | સુર્યાબેન બળવંતસિંહ પટેલ |
| ઘોઘંબા | - | નિલેશકુમાર ભયલાલભાઈ વરીયા |
| ચંદ્રનગર | - | કોકીલાબેન વિનુભાઈ તડવી |
| જીતપુરા | - | વિઠ્ઠલભાઈ મનુભાઈ પરમાર |
| જોરાપુરા(દાઉદ્રા) | - | મુકેશભાઈ કુવરસીંગ રાઠવા |
| જોરાપુરા (વાંગરવા) | - | ભારતસિંહ નારસિંહ બારીયા |
| ઝાબ ( વાવ) | - | જમતીબેન તેરસીંગભાઈ રાઠવા |
| ઝોઝ | - | વસંતભાઈ છેલુભાઈ રાઠવા |
| દામણપુરા | - | રેખાબેન દિલીપસિંહ પરમાર |
| દુધાપુરા | - | વૈશાલીબેન સુરેશભાઈ રાઠવા |
| દેવલીકુવા (સીમલીયા) | - | કોકિલાબેન નાનુભાઈ પટેલ |
| ધનેશ્વર | - | સવિતાબેન મનુભાઈ રાઠવા |
| નવાનગર | - | કેતનભાઈ રમેશભાઈ રાઠવા |
| નાથકુવા | - | નવીનભાઈ દેસીંગભાઈ રાઠવા |
| પાદરડી | - | તખતભાઈ હિંમતસિંહ બારીયા |
| પાધોરા | - | જશીબેન રમેશભાઈ નાયક |
| પાલ્લા | - | નગીનભાઈ રણછોડભાઈ રાઠવા |
| ફરોડ | - | વિઠ્ઠલભાઈ પ્રભાતભાઈ રાઠવા |
| બાકરોલ | - | ચતુરીબેન કલસિંગભાઈ રાઠવા |
| બારીયાફળી | - | દિવ્યાબેન ભારતસિંહ રાઠવા |
| ભાણપુરા | - | મીનાબેન વિજયસિંહ પરમાર |
| ભીલોડ | - | આનંદબેન પ્રભાતસિંહ રાઠોડ |
| ભોજપુરા | - | નીતાબેન કીરીટભાઈ પરમાર |
| માલુ | - | મીનાબેન કિરણસિંહ પટેલીયા |
| મોલ | - | વેલીયાભાઈ કુતરભાઈ રાઠવા |
| રણજીતનગર | - | માધુભાઈ કડિયાભાઈ રાઠવા |
| રાયણમુવાડા | - | ગણપતસિંહ પ્રભાતસિંહ |
| રીંછવાણી | - | જશવંતભાઈ સોમાભાઈ પટેલીયા |
| રીછીયા | - | કંકુબેન વિપુલભાઈ રાઠવા |
| લાલ ડાધરા | - | લીલાબેન કમલેશભાઈ રાઠવા |
| લાલપુરી | - | જીતેન્દ્રસિંહ અમરસિંહ પરમાર |
| વાંકોડ | - | સંગીતાબેન ઈશ્વરભાઈ રાઠવા |
| વાંસકોટ | - | સુગરીબેન ઢેકુભાઈ રાઠવા |
| વાડીનાથ | - | અરવિંદભાઈ નજરૂભાઈ રાઠવા |
| વીરાપુરા | - | રાધીબેન મહેશભાઈ રાઠવા |
| વેલકોતર | - | ધનાભાઈ મંગાભાઈ ડામોર |
| શનિયાડા | - | વિણાબેન અજમેલસિંહ પટેલ |
| શામળકુવા | - | વરજુબેન રમેશભાઈ રાઠવા |
| સરસવા | - | હિરાભાઈ સુરસિંગભાઈ રાઠવા |
| સવાપુરા | - | રંગીતભાઈ વદીયાભાઈ રાઠવા |
| સાજોરા | - | નવરતસિંહ સબુરભાઈ બારીયા |
| સીમલીયા | - | વિરભદ્રસિંહ દિલીપસિંહ ચૌહાણ |

### શહેરા તાલુકાની ગ્રામ પંચાયતના વિજેતા થયેલ સરપંચો

| ગામ | - | સરપંચ |
|---|---|---|
| અણીયાદ | - | સરસ્વતીબેન દિલીપભાઈ બારીયા |
| ઉમરપુર | - | રમેશભાઈ જશવંતભાઈ મકવાણા |
| ઉજડા | - | દિલીપભાઈ ભયજીભાઈ મહેરા |
| કોઠા | - | રમિલાબેન રમેશભાઈ પરમાર |
| ખટકપુર | - | બાલુબેન રણછોડભાઈ ખાંટ |
| ખાંટના મુવાડા | - | ભુપેન્દ્રસિંહ યશવંતસિંહ ઠાકોર |
| ખાંડીયા | - | નર્મદાબેન રાજેન્દ્રકુમાર પરમાર |
| ખોજલવાસા | - | સુભાષભાઈ ભુપતસિંહ બારીયા |
| ગાંગડીયા | - | સુનિતાબેન ગણપતસિંહ |
| ગોકળપુરા | - | લીલાબેન જશુભાઈ નાયક |
| ચલાલી | - | ભાવનાબેન જયેન્દ્રકુમાર બારીયા |
| ચારી | - | રતનાભાઈ તીતાભાઈ રાવળ |
| છોગાળા | - | કમલાબેન અભેસિંગભાઈ પટેલીયા |
| જામલ બારીયાના મુવાડા | - | ઈન્દુબેન રમણભાઈ પગી |
| ડુમેલાવ | - | વર્ષાબેન શૈલેષભાઈ બારીયા |
| ડોકવા | - | રેખાબેન રમેશભાઈ ચૌહાણ |
| તરસંગા | - | જલ્પાબેન અરવિંદસિંહ સોલંકી |
| તાડવા | - | હાજાભાઈ નાનાભાઈ ચારણ |
| દલવાડા | - | બાલુબેન વિક્રમભાઈ પગી |
| ધાંધલપુર | - | સવિતાબેન મંગળભાઈ પટેલ |
| ધામણોદ | - | રેખાબેન દિપકકુમાર બારીયા |
| ન.વ.સાજીવાવ | - | ટીનાબેન અખમભાઈ નાયકા |
| નરસાણા | - | પ્રકુલચંદ પૂજાભાઈ વણકર |
| નાદરવા | - | શોભનાબેન સુરજમલસિંહ |
| નાથુજીના મુવાડા | - | મહેન્દ્રસિંહ બળવંતસિંહ |
| પસનાલ | - | મોહનભાઈ ચંદુભાઈ |
| પાદરડી | - | પ્રેમસિંહ મોહનસિંહ બારીયા |
| પોયડા | - | જયોતિબેન વિશાલભાઈ પટેલ |
| બલુજીના મુવાડા | - | રૂબીબેન રયજીભાઈ નાયકા |
| બામરોલી બુઝર્ગ | - | બધીબેન કસણભાઈ ચારણ |
| બાહી | - | પ્રિયંકાબેન વિજયકુમાર પરમાર |
| બીલીયા | - | જીતાબેન કનુભાઈ નાયક |
| બોડીદ્રા ખુર્દ | - | કમલેશકુમાર ડાહ્યાભાઈ ભરવાડ |
| બોરડી | - | મંગળભાઈ બાબુભાઈ નાયક |
| બોરીયા | - | કાળીબેન રમેશભાઈ ધામોત |
| ભદ્રાલા | - | ભાવનાબેન દિપસિંહ ચૌહાણ |
| ભાટના મુવાડા | - | દિવાળીબેન નરવતભાઈ પરમાર |
| ભુરખલ | - | હસમુખભાઈ ડાહ્યાભાઈ સોલંકી |
| મંગલીયાણા | - | રાજેન્દ્રભાઈ અમરાભાઈ નાયકા |
| મહેલાણ | - | નંદાબેન પર્વતભાઈ માલીવાડ |
| માતરીયા વ્યાસ | - | જીતાબેન ગણપતસિંહ નાયકા |
| મીઠાપુર | - | વર્ષાબેન સંજયભાઈ સોલંકી |
| મીઠાલી | - | બાલુબેન સોમાભાઈ બારીયા |
| મીરાપુર | - | કૈલાશબેન પર્વતસિંહ બારીયા |
| મોર | - | મહેશભાઈ સોમાભાઈ પગી |
| મોરવા | - | સુમિત્રાબેન મહેશભાઈ પટેલ |
| રેણા | - | રાજુભાઈ રંગીતભાઈ નાયકા |
| લાભી | - | ગલીબેન અમરાભાઈ બારીયા |
| લીબોદ્રા | - | ઉદેસિંહ મડાભાઈ પગી |
| વરીયાલ | - | વિજયકુમાર તખતસિંહ બારીયા |
| વલ્લવપુર | - | ગણપતભાઈ પાંચાભાઈ માછી |
| વાંટા વછોડા | - | પ્રેમાભાઈ મંગળભાઈ પટેલીયા |
| વાઘજીપુરા | - | સવિતાબેન બાબુભાઈ બારીયા |
| વાડી | - | રમેશચંદ્ર બીજલભાઈ માછી |
| સદનપુર | - | ગુલાબસિંહ પ્રભાતસિંહ પગી |
| સાકરીયા | - | લલીતાબેન દિપસિંહ ભગોરા |
| સાદરા | - | અરવિંદભાઈ ભીખાભાઈ માછી |
| સુરેલી | - | સુરેશભાઈ કિરણસિંહ સુથાર |

કાલોલ, મોરવા (હ) અને જાંબુઘોડા તાલુકાના ગામોમાં
વિજેતા થયેલ સરપંચોનું લીસ્ટ જુઓ પાન નં.૨ ઉપર